RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 110* Date: 16.02.2021 Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### કચ્છના સાંસદ વિનોદ ચાવડા અને ભાજપ મહામંત્રી ભીખુ દલસાણીયા પણ કોરોનામાં સપડાયા

# મુખ્યમંત્રી રૂપાણી કોરોના પોઝિટિવ: ભાજપમાં ફફડાટ







### મુખ્યમંત્રી ૧૪ દિ' ક્વોરન્ટાઈન રહેશે, મુખ્યમંત્રીનો ચાર્જ કોઇને નહિ સોંપાય, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પ્રચાર નહિ કરી શકે, ૨૮ ફેબ્રુઆરી સુધીના તમામ જાહેર કાર્યક્રમો રદ્દ કરાયા

*ગાંધીનગર,તા.૧૫*

વડોદરામાં રવિવારે રાત્રે જાહેરસભા દરમિયાન બ્લડપ્રેશર લૉ થઈ જતાં મુખ્યમંત્રી વિજય રૂપાણી ચક્કર ખાઈને પડી ગયા હતા. તેમને મોડી રાત્રે અમદાવાદની યુએન મહેતા હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, જ્યાં ECG, 2D, બ્લડ ટેસ્ટ સહિતના રિપોર્ટ કરાયા હતા, જે નોર્મલ હતા. કોરોનાનો RT-PCR ટેસ્ટ કરવામાં આવ્યો હતો, જે આજે સવારે પોઝિટિવ આવ્યો છે. હાલમાં તેમને સારવાર માટે યુએન મહેતા હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ કરાયા છે. તેમની પરિસ્થિતિ હાલ સ્થિર છે અને કોઈ ચિંતાવાળી વાત ન હોવાનું યુએન મહેતા હોસ્પિટલ દ્વારા જણાવવામાં આવ્યું છે તેમજ મુખ્યમંત્રીના સંપર્કમાં આવેલા સંગઠનમંત્રી ભીખુ દલસાણિયા અને કચ્છના સાંસદ વિનોદ ચાવડા પણ કોરોનાગ્રસ્ત થયા છે. મુખ્યમંત્રી વિજય રુપાણી ૧૪ દિવસ સુધી ક્વોરન્ટીન રહેશે.

મળતી માહિતી પ્રમાણે ૨૮મી ફેબ્રુઆરી સુધી સીએમ વિજય રૂપાણીના તમામ જાહેર કાર્યક્રમ રદ કરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત સીએમ નિવાસસ્થાને કોઈ નવા વ્યક્તિને પ્રવેશ નહીં આપવામાં આવે. સીએમના તમામ સુરક્ષાકર્મીઓનો કોરોના ટેસ્ટ થશે. સીએમ નિવાસસ્થાનને સેનિટાઈઝ કરવામાં આવશે. તેમના સ્ટાફનો પણ કોરોના ટેસ્ટ કરવામાં આવશે. આ ઉપરાંત સીએમ કાર્યાલયને પણ સેનિટાઇઝ કરવામાં આવશે. મળતી માહિતી પ્રમાણે સીએમ નિવાસ્થાન અને કાર્યાલય ખાતેના કર્મચારીઓ સેલ્ફ ક્વૉરન્ટીન થશે.

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે સ્પષ્ટતા કરી કે મુખ્યમંત્રી રૂપાણીની સારવાર દરમિયાન મુખ્યમંત્રીનો ચાર્જ કોઈને આપવામાં આવશે નહીં અને ખુદ મુખ્યમંત્રી રૂપાણી વીડિયો-કોન્ફરન્સ તથા મોબાઈલના માધ્યમથી મુખ્યમંત્રી કાર્યાલયનું સંચાલન કરતા રહેશે. આમ, અઠવાડિયા સુધી ગુજરાત સરકાર ઝર્સને બદલે સિવિલમાંથી ચાલશે.

મુખ્યમંત્રીના સ્વાસ્થ્ય વિશે જણાવતાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે રાત્રે જ તેમના ટેસ્ટ કરવાનો નિર્ણય કર્યો હતો. ગઈકાલે તેમના ટેસ્ટ નોર્મલ હતા. હાલમાં તેમની તબિયત સારી છે. સ્પેશિયલ વોર્ડમાં કોરોનાની સારવાર શરૂ કરી દેવાઈ છે અને એક અઠવાડિયું હોસ્પિટલમાં રહેશે. મુખ્યમંત્રીને ડાયાબીટિસ કે બીપીની કોઈ તકલીફ નથી.

સ્થાનિક સ્વરાજની ચૂંટણીને પગલે ભાજપની પાર્લમેન્ટરી બોર્ડની બેઠક મળી હતી. આ બેઠકમાં મુખ્યમંત્રી સાથે હાજર રહેલા ભીખુ દલસાણિયા અને વિનોદ ચાવડા પણ સંક્રમિત થયા છે. મળતી માહિતી પ્રમાણે છેલ્લા એક અઠવાડિયા દરમિયાન જે જે લોકો સીએમના સંપર્કમાં આવ્યા હતા તેમના કોરોના ટેસ્ટ કરવામાં આવશે. જે અંતર્ગત સરકારી પ્રધાનો, બીજેપી સંગઠનના હોદેદારો અને પાર્લામેન્ટ્રી બોર્ડના સભ્યોના કોરોના ટેસ્ટ કરવામાં આવશે.

આ પહેલાં ૧૪ ફેબ્રુઆરીએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વડોદરામાં એક સભા સંબોધી હતી. આ ચૂંટણી સભામાં મુખ્યમંત્રીને ચક્કર આવતાં મુખ્યમંત્રી સ્ટેજ પર ઢળી પડ્યા હતા. ત્યાર બાદ મુખ્યમંત્રી સભા ટૂંકાવી રવાના થયા હતા. ત્યાર બાદ મુખ્યમંત્રીની તબિયત સારી થઈ ગઈ હતી. વ્યસ્ત ચૂંટણી કાર્યક્રમના કારણે બીપી લૉ થઈ ગયું હતું. તેઓ એક પછી એક ચૂંટણી સભા સંબોધી રહ્યા છે, જેને પગલે થાક અને તણાવને કારણે બીપી લૉ થયાની શક્યતા છે. યુ.એન.મહેતા હોસ્પિટલના ડોક્ટરે મીડિયાને જણાવ્યું હતું કે મુખ્યમંત્રી વિજય રૂપાણીના તમામ રિપોર્ટ નોર્મલ આવ્યા છે અને તેમને ૨૪ કલાક ઓબ્ઝર્વેશનમાં રાખવામાં આવશે. થાક અને ડિહાઈડ્રેશનને કારણે તેમને ચક્કર આવ્યાં હતાં.

મુખ્યમંત્રી રૂપાણી કોરોના સંક્રમિત થતા ગૃહમંત્રી અમિત શાહે ટ્વીટ કરી જણાવ્યું કે, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીજી કોરોના સંક્રમિત થયાના સમાચાર જાણ્યાં. હું ઈશ્વરને પ્રાર્થના કરૂ છું કે, તેઓ ટૂંક સમયમાં સ્વસ્થ થઇ, આપણી વચ્ચે આવે અને પુનઃ જનકલ્યાણના કામોમાં સક્રિય થાય.

### સેટેલાઈટ અન્ય ૩ પેલોડ્સને પોતાના સાથે લઈ જશે

## નેનો સેટેલાઈટ પોતાની સાથે ભગવદ્ ગીતા અને વડાપ્રધાનનો ફોટો લઈ અંતરિક્ષમાં જશે

ન્યુ દિલ્હી,તા.૧૫

ફેબ્રુઆરી મહિનાના અંતિમ દિવસોમાં એક સેટેલાઈટ લોન્ચ કરવામાં આવશે જે પોતાની સાથે ભગવદ ગીતા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ફોટો અને તેમનું નામ લઈને અંતરિક્ષમાં જશે. આ નેનો સેટેલાઈટનું નામ ભારતના અંતરિક્ષ કાર્યક્રમને આકાર આપનારા મહાન વ્યક્તિત્વ સતીશ ધવનના નામ પરથી છે.

ખાનગી ક્ષેત્રનું આ પહેલું ઉપગ્રહ હશે જે બીજા અંતરિક્ષ મિશનની માફક ભગવદ ગીતા, વડાપ્રધાન મોદીનો ફોટો અને અન્ય ૨૫,૦૦૦ લોકોના નામોને લઈને અંતરિક્ષમાં જશે. આ નેનો સેટેલાઈટને પોલર સેટેલાઈટ લોન્ચ વ્હીકલ દ્વારા પ્રક્ષેપિત કરવામાં આવશે. સ્પેસકિડ્સ ઈન્ડિયા તરફથી આ નેનો સેટેલાઈટને વિકસિત કરવામાં આવી રહ્યું છે. આ એક એવી સંસ્થા છે જે વિદ્યાર્થીઓ વચ્ચે અંતરિક્ષ વિજ્ઞાનને પ્રોત્સાહન આપે છે અને તેને મહાન વૈજ્ઞાનિક સતીશ ધવન દ્વારા બનાવવામાં આવી હતી. આ સેટેલાઈટ અન્ય ૩ પેલોડ્સને પણ પોતાના સાથે લઈ જશે.

આ ૩ પેલોડ્સ પૈકીનું એક અંતરિક્ષ વિકિરણ, મેગ્નેટોસ્ફીયરનું અધ્યયન અને એક ઓછી વીજ પહોળાઈના ક્ષેત્રમાં સંચાર નેટવર્કનું પ્રદર્શન કરશે. સ્પેસકિડ્સ ઈન્ડિયાના સંસ્થાપક અને સીઈઓ ડૉ. કેસનના કહેવા પ્રમાણે આ અંતરિક્ષમાં તૈનાત થનારૂ તેમનું પહેલું સેટેલાઈટ હશે જેને લઈ તેઓ ખૂબ જ ઉત્સાહિત છે. અંતરિક્ષમાં જે ૨૫,૦૦૦ લોકોના નામ મોકલવામાં આવશે તેમાં ૧,૦૦૦ નામ ભારતની બહારના લોકોના પણ છે અને જે લોકોના નામ મોકલવામાં આવશે તેમને બોર્ડિંગ પાસ આપવામાં આવશે.

### ગૃહ મંત્રાલયએ નવી એસઓપી જાહેર કરી

## કોરોનાના ૧-૨ કેસ નોંધાવા પર કાર્યાલયો નહીં થાય બંધ

દિલ્હી,તા.૧૫

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે કાર્યાલયોમાં કોરોના વાયરસના સંક્રમણનો પ્રસાર રોકવાને અનુલક્ષીને નવી માનક સંચાલન પ્રક્રિયા (SOP) જાહેર કરી છે. તે મુજબ જો કાર્યાલયોમાં સંક્રમણના માત્ર એક કે બે કેસ જ સામે આવે તો જે વિસ્તારમાં છેલ્લા ૪૮ કલાકમાં કોરોના સંક્રમિતની ગતિવિધિઓ રહી હોય, માત્ર તેટલા ભાગને જ સેનિટાઈઝ કરવાની જરૂર પડશે.

શનિવારે જાહેર કરવામાં આવેલી SOP પ્રમાણે નિર્ધારિત નિયમો પ્રમાણે સેનિટાઈઝેશન કર્યા બાદ કાર્ય શરૂ કરી શકાશે. પરંતુ જો કાર્યસ્થળ પર કોરોનાના અનેક કેસ સામે આવે તો સંપૂર્ણ ઈમારત કે બ્લોકને સેનિટાઈઝ કરવાની પ્રક્રિયા કરવી પડશે અને ત્યાર બાદ જ કાર્ય શરૂ કરી શકાશે.

નવી SOP પ્રમાણે પ્રતિબંધિત ઝોનમાં રહેતા અધિકારીઓ અને કર્મચારીઓએ આ અંગે પોતાના વરિષ્ઠ અધિકારીને જાણ કરવી પડશે અને જ્યાં સુધી તેમનો વિસ્તાર પ્રતિબંધિત ઝોનની શ્રેણીમાંથી બહાર ન આવી જાય ત્યાં સુધી કાર્યાલય ન આવવું જોઈએ. સાથે જ આવા કર્મચારીઓને ઘરેથી કામ કરવાની મંજૂરી મળવી જોઈએ.

ઉપરાંત પ્રતિબંધિત વિસ્તારોમાં આવતા કાર્યાલયો બંધ જ રહેશે. તેના સિવાય માત્ર લક્ષણો ન ધરાવતા કર્મચારીઓ અને આંગતુકોને જ કાર્યાલયમાં પ્રવેશની અનુમતિ અપાવી જોઈએ. એસઓપીમાં કોવિડ-૧૯થી બચવાના ઉપાયોનું ચુસ્ત પાલન કરવા પર પણ જોર અપાયું છે.

### લોકોની ગુપ્તતાનું રક્ષણ કરવું એ કોર્ટની ફરજ છેઃ સુપ્રિમ કોર્ટ

## નવી પ્રાઈવસી પોલિસી અંગે વોટ્સએપ-ફેસબુકને સુપ્રીમ કોર્ટની નોટિસ



ન્યુ દિલ્હી,તા.૧૫

સુપ્રીમ કોર્ટે સોમવારે વ્હોટ્સઅપને કહ્યું હતું કે તમારી નવી પ્રાઇવસી પોલિસીને પછી ભારતીય લોકોમાં પ્રાઇવસીને લઈને ઘણી મૂંઝવણો છે. ચીફ જસ્ટિસ એસ. એ. બોબડેએ કહ્યું હતું કે તમે ભલે અબજો ડોલરની કંપની હશો, પણ લોકોની પ્રાઇવસીનું મૂલ્ય પૈસા કરતાં વધુ છે. ચીફ જસ્ટિસે આ પ્રાઈવસી પોલિસીને પડકારતી અરજીઓ પર વ્હોટ્સઅપ, ફેસબુક અને કેન્દ્ર પાસે જવાબ માગ્યો છે. કોર્ટે વરિષ્ઠ વકીલ શ્યામ દીવાનની એ દલીલનું સમર્થન કર્યું, જેમાં તેમણે કહ્યું હતું કે ભારતમાં ડેટા પ્રોટેક્શનને લઈને કોઈ કાયદો નથી. ચીફ જસ્ટિસ બોબડે, જસ્ટિસ એ. એસ. બોપન્ન અને જસ્ટિસ વી. રામાસુબ્રહ્મણ્યમની બેન્ચે કહ્યું હતું કે મિસ્ટર દીવાનની દલીલથી અમે પ્રભાવિત છે.

આવો કાયદો લાવવો જોઈએ. વ્હોટ્સઅપ એની નવી પ્રાઈવસી પોલિસી અંતર્ગત ભારતીયોનો ડેટા શેર કરશે. આ ડેટા શેરિંગને લઈને ભારતીયોમાં મૂંઝવણ છે. સુપ્રીમ કોર્ટે યુરોપની સરખામણીમાં ભારતમાં પ્રાઈવસી સ્ટાન્ડર્ડ નબળા પડવા પર વ્હોટ્સઅપ પાસે જવાબ માગ્યો છે.

વ્હોટ્સઅપે આ અંગે કહ્યું છે કે યુરોપમાં પ્રાઈવસીને લઈને ખાસ કાયદો છે. જો ભારતમાં પણ આ પ્રકારનો કાયદો છે તો અમે એનું પણ પાલન કરીશું. વોટ્સએપ યુઝર જે કન્ટેન્ટ અપલોડ, સબમિટ, સ્ટોર, સેન્ડ કે રિસીવ કરે છે, કંપની તેનો ઉપયોગ કોઈ પણ જગ્યાએ કરી શકે છે. કંપની આ ડેટાને શેર પણ કરી શકે છે. આ પોલીસી ૮ ફેબ્રુઆરી ૨૦૨૧થી લાગુ થવાની હતી. જોકે વિવાદ વધ્યા પછી ડેડલાઈનને વધારીને ૧૫ મે કરવામાં આવી છે.

### ત્રિપુરાના મુખ્યમંત્રી વિપ્લવ દેવનું અજીબો-ગરીબ નિવેદન

## નેપાળ અને શ્રીલંકામાં ભાજપની સરકાર બનાવવાની અમિત શાહની યોજના

અગરતલા,તા.૧૫

ત્રિપુરાના મુખ્યમંત્રી વિપ્લવ દેવ ફરી એક વખત પોતાના ચિત્ર-વિચિત્ર નિવેદનને લઈને ચર્ચામાં આવ્યા છે. અગરતલા ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં તેમણે ભાજપ માત્ર ભારતમાં જ નહીં પણ પાડોશી દેશોમાં વિસ્તાર કરવાની યોજના પણ બનાવી રહ્યું છે તેવો દાવો કર્યો હતો. તેમણે નેપાળ અને શ્રીલંકાને લઈને ભાજપની કથિત મહત્વકાંક્ષાઓનો ખુલાસો કર્યો હતો. વિપ્લવ દેવે જણાવ્યું કે, જયારે ગૃહમંત્રી અમિત શાહ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા ત્યારે તેમણે પોતે નેપાળ અને શ્રીલંકામાં પોતાની સરકાર બનાવવાની યોજના ધરાવે છે તેમ



કહ્યું હતું. મુખ્યમંત્રી વિપ્લવ દેવે ૨૦૧૮માં અમિત શાહ સાથે થયેલી વાતચીતનો હવાલો આપીને અમિત શાહ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ હતા ત્યારે તેમણે આ વાત કહી હતી એમ જણાવ્યું.

વિપ્લવ દેવના કહેવા પ્રમાણે અમિત શાહે તે વખતે પાર્ટીની એક બેઠકમાં ભારતના તમામ રાજ્યોમાં વિજય બાદ વિદેશી વિસ્તારને લઈને ચર્ચા કરી હતી. એ ઘટનાને યાદ કરતા વિપ્લવ દેવે કહ્યું કે, ×બેઠકમાં અજય જમ્વાલે અનેક રાજ્યોમાં ભાજપે પોતાની સરકાર બનાવી લીધી હોવાનું કહ્યું તેના જવાબમાં અમિત શાહે હવે શ્રીલંકા અને નેપાળમાં વિસ્તાર કરવાનો છે તેમ કહ્યું હતું. ઉપરાંત મુખ્યમંત્રી વિપ્લવ દેવે આગામી નાણાંકીય વર્ષના બજેટની પ્રશંસા કરીને તેને આત્મનિર્ભર દક્ષિણ એશિયા બનાવવાની દિશામાં એક પગલું ગણાવ્યું હતું. તેમના કહેવા પ્રમાણે ભારતની નીતિઓ અને કાર્ય બાંગ્લાદેશ, ભૂતાન અને નેપાળને આત્મનિર્ભર બનાવવા સક્ષમ છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૨૪૯**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૬૫૪૯૩**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૦૧**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૨૮૦**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૫૯૪૮૪**

## જથ્થાબંધ મોંઘવારી દર જાન્યુઆરીમાં વધીને ૨.03% થયો

*ન્યુ દિલ્હી,તા.૧૫*

દેશમાં હજી પણ મોંઘવારી ઉંચા સ્તરે રહી છે. સરકાર દ્વારા આજે સોમવારે જાહેર કરાયેલા આંકાડ મુજબ જાન્યુઆરી ૨૦૨૧માં જથ્થાબંધ મોંઘવારી દર એટલે કે હોલસેલ ઈન્ફલેશન પ્રાઈસ ઈન્ડેક્સ (WPI) વધીને ૨.૦૩ ટકા આવ્યો છે. જાન્યુઆરીમાં મોંઘવારી દર વધવાનું મુખ્ય કારણ મેન્યુફેક્ચરિંગ પ્રોડક્ટ્સની કિંમતોમાં વૃદ્ધિ છે.

ઉલ્લેખનિય છે કે, ડિસેમ્બર ૨૦૨૦માં જથ્થાબંધ મોંઘવારી ૧.૨૨ ટકા અને વર્ષ પૂર્વે જાન્યુઆરી ૨૦૨૦માં ૩.૫૨ ટકા હતો. વાણિજય અને ઉદ્યોગ મંત્રાલયના આંકડાઓ મુજબ મેન્યુફેક્ચર્ડ પ્રોડક્ટ્સમાં ઈન્ફલેશન રેટ જે ડિસેમ્બરમાં ૪.૨૪ ટકા હતો તે જાન્યુઆરીમાં વધીને ૫.૧૩ ટકા થયો છે. અલબત્ત શાકભાજી-ફળફળાદિના ભાવ ઘટતા મોંઘવારી અંકુશમાં રહી છે. જાન્યુઆરી ૨૦૨૦માં ફૂડ પ્રાઇસ ઈન્ફલેશન ઘટીને ૨.૨૪ ટકા આવ્યો છે. જેમાં શાકભાજીના ભાવ ૨૦.૮૨ ટકા ઘટ્યા છે. ડુંગળી ૨૨ ટકા અને ડુંગળી ૩૨.૫૫ ટકા સસ્તી થઇ છે. તો ઈંધણ અને વિજળીમાં મોંઘવારી દર શૂન્યથી ૪.૭૮ ટકા રહ્યો છે. બિન-ખાદ્ય ચીજવસ્તુઓમાં મોંઘવારી દર જાન્યુઆરીમાં ૪.૧૬ ટકા નોંધાયો છે.

ઉલ્લેખનિય છે કે તાજેતરમાં જ રિઝર્વ બેંકે ઉંચા મોંઘવારી દરનું જોખમ ગણાવી સતત ચોથા ધિરાણનીતિમાં વ્યાજદર ઘટાડવાનું ટાળ્યુ છે. જો કે હાલ ગ્રાહક ભાવાંક અને જથ્થાબંધની રીતે મોંઘવારી દર ઘટતા વ્યાજદર ઘટાડવા માટેની સાનુકુળ સ્થિતિ સર્જાઇ છે.

## તંત્રી સ્થાનેથી...

# મોંઘવારી મુદ્દે બનેલી કેન્દ્ર સરકાર મોંઘવારીને આકાશ પાર કરાવશે કે શું.....?

એક વાર્તા હતી રાજાનો પુત્ર દિવસે ન વધે એટલો રાત્રે વધતો હતો મતલબ મોટો થતો જાય છે તેવી રીતે દેશમાં રાત્રે ન વધે એટલી મોંઘવારી દિવસે વધી રહી છે. દેશમાં મોંઘવારીના માર વચ્ચે આમ પ્રજા પીડાઇ રહી છે ત્યારે છેલ્લા ૪૦ દિવસમાં દેશમાં પેટ્રોલ-ડીઝલ વાપરતા મધ્યમ વર્ગ, રોજમદારો-મજૂર વર્ગ, નોકરિયાતો, નાના ધંધાદારીઓને ભાવ વધારો કરીને કેડ ભાગી નાખી છે. તે સાથે ગૃહિણીઓના રાંધણગેસમાં બે વખત રૂપિયા ૫૦-૫૦ નો વધારો કરી બજેટ ખોરવી નાખ્યું છે. જ્યારે કે ગરીબોની કહેવાતી કસ્તુરી એટલે કે ડુંગળીના ભાવો પણ આસમાન તરફ જવા લાગ્યા છે. આમ પ્રજામાં સરકાર સામે ભારે આક્રોશ પેદા થઈ ગયો છે. ભારતમાંથી પડોશી દેશો પેટ્રોલ-ડીઝલની આયાત કરે છે ત્યાં પાકિસ્તાનમાં એક લિટર પેટ્રોલની કિંમત રૂપિયા ૫૦ છે તો શ્રીલંકામાં એક લીટર ડીઝલ ની કિંમત રૂપિયા ૩૮ જેટલી છે,નેપાળમિ પેટ્રોલની કિંમત ૬૮ રૂપિયા છે.આમાનો એક પણ દેશમાં પેટ્રોલ રિફાઇનરી નથી અને આ દેશો ભારતમાંથી પેટ્રોલ ક્રુડની આયાત કરે છે. છતાં ભારત કરતા કિંમતો ઓછી કેમ છે... તેવો સવાલ આમ પ્રજામાં ઉઠવા સાથે ચર્ચા ઉઠી છે તેમજ સુબ્રમણ્યમ સ્વામીએ જે શબ્દો કહેલા તેનું રટણ કરતાં કહે છે રામના દેશમાં પેટ્રોલ ૯૪ રૂપિયા લીટર અને રાવણના રાજ માં ૫૧ રૂપિયા જ્યારે સુતાના દેશમાં ૫૩ રૂપિયા. જ્યારે કે વેચાણ કરનારાઓના કહેવા અનુસાર કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ ટેક્ષને લઈને દેશમાં પેટ્રોલ-,ડીઝલ રાંધણગેસ વગેરે મોઘુ છે અને થતું જાય છે. ત્યારે પેટ્રોલ-ડીઝલ વેચાણ કરનારાને ૩-૩૮ પૈસા જેટલું કમિશન મળે છે. ગુજરાત સરકારની વાત કરીએ તો પેટ્રોલ-ડીઝલ પર વેટ નાખેલ તેના દ્વારા રૂપિયા ૧૨૦૦ કરોડ આમ પ્રજા પાસેથી વસુલી રહી છે. કેન્દ્ર સરકારે ૨૦૧૪માં પેટ્રોલ પર એક્સાઇઝ ડ્યુટી રૂપિયા ૯-૨૫ પ્રતિલીટર હતી તે વધારી અત્યારે લગભગ ૩૮ રૂપિયા થી વધુ કરી નાખી છે તો ડીઝલ પર ૨૦૧૪ માં રૂપિયા ૩-૪૫ જેવું હતી તેમાં વધારો કરીને રૂપિયા ૩૨ થી વધુ પ્રતિ લિટર કરી નાખી વસુલે છે.....તો આસામ સરકારે પેટ્રોલમાં રૂપિયા ૫/- નો ઘટાડો કરી નાખ્યો છે. કારણ ચૂંટણીઓ.....!?

ગુજરાતમાં સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓ યોજાઈ રહી છે ત્યારે રાજ્યની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો, પંચાયતોમાં કોંગ્રેસમાં ઉમેદવાર પસંદગી બાબતે મહાભારત યુદ્ધ જેવો માહોલ સર્જાયો છે તો ભાજપમાં પણ યાદવાસ્થળી જામી છે જેમાં ભાજપ નેતાગણ શિસ્ત જાળવી રાખવા અથાગ પ્રયત્નો કર્યા છતાં અનેકોએ રાજીનામા ધરી દીધા છે, તો કોંગ્રેસમાંથી પણ અનેકોએ રાજીનામાં આપી દીધા છે. જ્યારે ભાજપમાં ઉમેદવારની પસંદગી અને નિયમોને કારણે અનેક વિભિષણો પેદા થઈ ગયા છે જે કઈ રીતે પક્ષને નુકસાન કરે તે કળવું મુશ્કેલ છે....!બીજી તરફ ચૂંટણીના માત્ર ૮ દિવસ બાકી રહ્યા છે ત્યારે કોંગ્રેસમાં ઉમેદવારોનો જાહેરમાં વિરોધ થઈ રહ્યો છે જ્યારે કે ગ્રામીણ વિસ્તારો અને નગરપાલિકા વિસ્તારોમાં ઉમેદવાર પસંદગીનો પ્રશ્ન કોંગ્રેસ અને ભાજપમિ તો છેજ પરંતુ મોટો પ્રશ્ન નવા કૃષિ કાયદાને લઈને ખેડૂતોમા આક્રોશ ભડભડી રહ્યો છે જે કેવા પરિણામ લાવે તે કળવું મુશ્કેલ છે.....! કારણ કે આમ આદમી પાર્ટીએ બેંકીંગની બઘડાટી શરૂ કરી છે અને તેને મોટો આવકાર મળી રહ્યો છે એટલે કદાચ કોંગ્રેસ અને ભાજપને નુકસાન કરી શકે.....!!

# રાહુલ ગાંધી ફરી એકવાર કોંગ્રેસના અધ્યક્ષ બનશે...!!



ન્યુ દિલ્હી,તા.૧૫

રાહુલ ગાંધી ફરી એક વખત એઆઈસીસી એટલે કે અખિલ ભારતીય કોંગ્રેસ કમિટીના ૮૭મા અધ્યક્ષ તરીકે પાછા ફરવા તૈયારી કરી રહ્યા છે. તાજેતરમાં તેમણે સંસદમાં ખેડૂતોના મુદ્દાને ખૂબ જ જોરશોરથી ઉઠાવવા પ્રયત્ન કર્યો હતો. આ ઉપરાંત તેમણે ચીન સહિતના બીજા મુદ્દાઓને પણ સતત ઉઠાવ્યા હતા. તેનાથી સંકેત મળી રહ્યો છે કે યુવાન ગાંધી નરેન્દ્ર મોદી વિરૂદ્ધ એક લોકપ્રિય ચહેરો બનવાને બદલે ધ્રુવીકરણ કરનારા નેતા તરીકે સામે આવી રહ્યા છે. રાહુલ ગાંધીને આવું કરવાની સલાહ ૨૦૧૨માં પ્રતિષ્ઠિત રાજકીય સલાહકાર સ્ટેફન કટરે આપી હતી. તેઓ બરાક ઓબામાના ચૂંટણી અભિયાનના મેનેજર હતા. તે સમયે તેમણે કોંગ્રેસની ઓફિસમાં રાહુલ ગાંધીની મુલાકાત કરી હતી. હકીકતે તે સમયે યુપીએની સરકાર કેન્દ્રમાં હતી અને રાહુલ પણ તેમની સલાહ પર ધ્યાન નહોતા આપી શક્યા. તે સિવાય પ્રિયંકા ગાંધી વાડ્રા પણ પાર્ટીમાં એક મહત્વની ભૂમિકા ભજવવાની તૈયારીમાં છે. રાહુલ-પ્રિયંકાની જોડી હવે સોનિયા-રાહુલના સત્તા સમીકરણને બદલવા તૈયાર છે જે મહદઅંશે અહમદ પટેલ અને મોતીલાલ વોરા દ્વારા નક્કી કરવામાં આવ્યું હતું. રાહુલ ગાંધી અધ્યક્ષ બને એટલે પ્રિયંકા ગાંધી અનેક ભૂમિકાઓ ભજવી શકે છે જે કામ પહેલા પટેલ અને વોરા કરતા હતા. મતલબ કે પ્રિયંકા ગાંધી રાહુલ અને પાર્ટી વચ્ચે એક પુલનું કામ કરી શકે છે. નવા અધ્યક્ષનો કાર્યકાળ ડિસેમ્બર ૨૦૨૨ સુધી ચાલશે. કોંગ્રેસ બંધારણના અનુચ્છેદ ઠર્ઁ ચઊૃ પ્રમાણે એક નિયમિત અધ્યક્ષને મતદાર મંડળ દ્વારા ચૂંટવામાં આવે તેવી આવશ્યકતા છે જેમાં છૈંઝઝના પ્રતિનિધિઓની સંખ્યા આશરે ૧,૩૦૦ છે. ડિસેમ્બર ૨૦૧૭માં રાહુલ ગાંધી ૫ વર્ષ માટે છૈંઝઝના ૮૭મા અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા. ત્યાર બાદ મે ૨૦૧૯માં તેમણે લોકસભાની ચૂંટણીમાં હારની જવાબદારી સ્વીકારીને રાજીનામુ આપી દીધું હતું. ત્યારથી સોનિયા ગાંધી વચગાળાના અધ્યક્ષ તરીકે પાર્ટીની કમાન સંભાળી રહ્યા છે.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર.




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મા આજે સભ્યો ની પાંચ ગદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે.

વિષય : પિતા.માતા.સંતાન...સંપર્ક સૂત્રો.......

www.janfariyadnews.com

Email : prdpraval42@gmail.com

What's up calling No : 9824653073

તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ

મુખ્ય નિર્ણાયક : જયશ્રી પટેલ

સભ્ય લેખક : ડો.મનિષા વ્યાસ. પ્રકૃતિ શાહ " પ્રીત ". મેઘલ ઉપાધ્યાય " મેઘૂ ".સંજય તરબદા " સાંજ ",દિવ્યા પુરોહિત " બંસરી "યુ ટ્યુબ ચેનલ : janfariyadnews(સાહિત્ય સરિતા)

(વિડિયો - ૩) ભાગ - ૭

---

### NOG SS NO- 0088

વિષય શબ્દ-માતાપિતા અને સંતાન

પ્રકાર- ગદ્ય

શીર્ષક- માબાપની સ્નેહસરિતા

'બેઠી ખાટે ફરી વળી બધે મેડીયો ઓરડામાંહ્ય "જૂનું પિયરઘર" કવિ બળવંતરાય ઠાકોરની આ પંક્તિઓ સ્ત્રી □દયને વાચા આપે છે. સ્ત્રી માટે પિયરની વાટ અને વાત શું નથી હોતી? એમાંય ખાસ તો મા-બાપની મીઠી છાંય. મા કહેતા મોં ભરાય. મારા વ્યક્તિત્વને ઘડવામાં કદાચ મા-બાપથી પણ વિશેષ કંઈ ખૂટતું હશે તો ઈશ્વરે મને મોટીબા અને મામાના સ્નેહનો લાહવો આપ્યો. પાંચ વર્ષની થઈ ત્યાં સુધી સંયુક્ત પરિવારમાં રહેતા હોવાથી મારી સાર સંભાળ મોટીબા કરતાં. મારી મા નોકરી કરે....

સાવ સવા મહિનાની મને ઘોડિયામાં સુવાડીને જતી અને મોટીબા મને સુંદર તૈયાર કરી તેડીને માના દૂધથી મારું પેટ ઠારવા શાળાએ લઈ જતાં..ત્યારે મારી ટમટમતી આંખોને તેઓ કોઈ એક સુંદર પરી જેવાં જ લાગતાં હશે ને!..

ત્યાર પછી હું મારા માતા-પિતા સાથે ધોરણ દસ સુધી રહીને ભણી... કિશોર અવસ્થાની કૂણી લાગણીઓ ત્યાં ગાળી... સમયે મોડ લીધો ને મારે મામાના ઘરે રહેવાનું થયું.. તેઓ ખૂબ મોટા ડોક્ટર.. પણ વિધુર થયેલા.. ઘર ખૂબ સૂખીને.. ઘણાં નોકરચાકર પણ તેમના બે દીકરા વિદેશ અને દીકરીઓ સાસરવાસી. નાની પણ ઉંમરમાં ખૂબ મોટાં. અમે બે ભાણીઓ સાથે રહેવાથી તેમનો સમય પસાર થાય તે હેતુ. "મામા" કહેતા બે માનો સંગમ થાય અને મારા વ્યક્તિત્વ ઉછેરમાં તે યથાર્થ પણ રહ્યો. માતા-પિતાના એક સાથે પ્રેમ ધોધના સમન્વયની સરિતા એટલે મામા.... જીવનના ઝીણામાં ઝીણા મેનેજમેન્ટનાં પાઠ શીખવવાથી છેક લગ્ન સુધીની જવાબદારી તેઓએ સુપેરે નિભાવી.

પતિને સારી નોકરી સાથે બન્ને બાળકો મોટાં થઈ રહ્યાં હતાં.. મનમાં ભણવાનું બાકી રહ્યાંનો રંજ થતો ત્યારે એમ.એ સાસુ-સસરા પાસે રહીને કર્યું. તેમણે મને વહુમાંથી મુક્તિ આપી માત્ર વિદ્યાર્થીની તરીકે ઉત્સાહિત કરી. વાહ.. બદામનું દૂધ સાથે કેટકેટલાં લાડ લડાવ્યાં. હજુ ભણવાનો આત્મ-સંતોષી ઓડકાર નહોતો આવ્યો.. મારાં માબાપે આગળ આવી જવાબદારી સ્વીકારી સહકાર આપ્યો બાળકોને પાંખમાં લીધાં ને મને પોરસ ચઢાવ્યું અને મારી રોકાયેલી ગાડી ફરી પાછી સડસડાટ શિક્ષણપથ પર આગળ ઊપડી. બીએડ્, એમ.એડ્, એમ.ફિલ., અને છેલ્લે પીએચ.ડી. અને મિત્રો માબાપના આશિષ અને સહકારથી આપની સામે બેઠેલી આ ગૃહિણીનું સ્વપ્ન પૂર્ણ થયું. સ્નેહની સરિતા કે સરવાળો શું નથી કરી શકતો!

ડો. મનીષા વ્યાસ

---

### NOG SS No. 0048

વિભાગ - ગદ્ય (પત્રલેખન)

વિષય - જન્મદાતા (પપ્પા)

પ્રતિ

અશ્વિનભાઈ સી. શાહ (સાહેબ)

ભગવાન નગર,

સ્વેગલોક

વહાલા પપ્પા,

તમે જ્યાં હશો ત્યાં ખુશ હશો અને બીજા લોકોને પણ ખુશ રાખતા હશો.

આપની વસમી વિદાયને અઢી વર્ષ થયાં,પણ મન માનવા તૈયાર નથી. એકદમ હરતો-ફરતો, સાજો-નરવો માનવ, જિંદગીની દરેક તકલીફો સામે ઝઝૂમીને અડીખમ રહેનાર, ટૂંકી માંદગીમાં (એ પણ બે જ દિવસની) અચાનક દુનિયાને અલવિદા કહે, એ તો કેવી રીતે મનાય! તમે અચાનક જે રીતે અમારી વચ્ચેથી ગયા, એને સ્વીકારવું કઠિન છે. તમને કેટલું બધું કહેવાનું બાકી રહી ગયું. તમારી જોડે ઝગડવું, રાત્રે તમારા હાથે અપાતો દૂધનો ગ્લાસ, ટીવી પર આવતા રીયાલીટી શોની ટેલેન્ટ વિશેની વાતો, એ બધું ફરી કરવું છે.

તમને જાણે તમારાં મૃત્યુનો અણસાર આવી ગયો હોય, એમ છેલ્લાં મહિનામાં તમે લગભગ સૌ સગાં-સંબંધીઓનમળી લીધું અને કોઈની પણ જોડે થયેલ ખટરાગ માટે ક્ષમા યાચી, તમારા મૃત્યુને નિર્મળ બનાવી દીધું. તમઃરા અવસાન પછી, જે પણ મળવાં આવે તેઓ એમ જ કહે, અમને હમણાં તો મળ્યાં હતાં.

તમારા દ્વારા વારસામાં આવેલા વાંચનનાં શોખને કારણે, હું કવિતાઓ અને વાર્તાઓ લખું છું, અને ફક્ત હું જ નહીં, તમારી વહાલી દોહિત્રી પ્રિયાંશી પણ લખે છે (એ પણ તમારા દ્વારા શીખવવામાં આવેલ ગુજરાતીમાં). રંગમંચ પ્રત્યેનો તમારો પ્રેમ તમારી દોહિત્રીની રગરગમાં વહે છે અને અભિનયક્ષેત્રે પોતાનો રંગ નિખારી રહી છે. મને હજુ પણ યાદ છે કે, તમારી ચિરવિદાયનાં ત્રણ દિવસ પહેલાં જન્માષ્ટમી નિમિત્તે ટેલિવિઝન પર આવેલ નાટકમાં પ્રિયાંશીને બાળકૃષ્ણનું પાત્ર ભજવતાં જોઈ તમે ગદગદ થઈ ગયાં અને એનાં પર ગર્વ અનુભવેલ. હમણાં તો મેં પણ એક નાટકમાં અભિનય કર્યો. આજે લેખનક્ષેત્રે કે અભિનયક્ષેત્રે હું જે પણ કરી રહી છું, એ તમને આભારી છે.

તમારે અને ૬ નંબરને કંઈક જોડાણ હશે, જન્મતારીખ ૨૪ અને મૃત્યુની તારીખ ૬, એ સંયોગ જ ને!

હજુ પણ ઘરનો દરવાજો ખખડે ત્યારે એવું થાય છે કે, તમે બહારથી આવી ગયા અને હમણાં પૂછશો કે, ઘરમાં કોઇ છે? એકવાર તમારો અવાજ સાંભળવો છે, મારાથી તમને જાણતાં અજાણતાં પહોંચેલ દુઃખ માટે માફી માંગવી છે. તમને એકવાર કહેવું છે, આઇ લવ યુ પપ્પા

લિ. તમારી વહાલી દીકરી

પ્રકૃતિ

પ્રકૃતિ શાહ "પ્રીત"

---

### NOG SS No.- 0031

વિભાગઃ-ગદ્ય

પ્રકારઃ-ટૂંકી વાર્તા

શીર્ષક :- જીદ

અવની શ્વાતાપના આંસુ સારી રહી હતી ,કે કાશ મેં મમ્મી-પપ્પાની વાત માની હોત !કેટલું સમજાવી હતી એમણે કે, " બેટા તું આવી જીદ ના કર તું આટલું ભણેલગણેલ છો ,તારું કેરિયર કોઇ સારી જોબમાં બનાવ. ભલે તું દેખાવમાં બહુ સુંદર છો તે ઇન્ટર કોલેજ નાટ્ય સ્પર્ધામાં શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ મેળવેલ છે. પરંતુ મુંબઈ જઈ હિરોઈન બનવાની જીદ છોડી દે.ત્યાં નાનકડો રોલ મેળવવા પણ ઘણું ગુમાવવું પડે છે આપણે એ બધું વાંચતા સાંભળતા નથી?" તો પણ અવનીએ એમની એક વાત માની નહીં. અને કહ્યું કે,"જો મને તમે મુંબઈ નહીં જવા દો તો હું આત્મહત્યા કરી લઇશ."આખરે અવનીનાં મમ્મી પપ્પા અવની તેમનું એક માત્ર સંતાન હોવાથી તેની જીદ અને ધમકી સામે ઝૂકી ગયાં.

અવની છેલ્લા છ મહિનાથી મુંબઈ ફિલ્મોમાં રોલ મેળવવા માટે બધાં ફિલ્મ સ્ટુડીયોના ધક્કા ખાઈ રહી હતી.આખરે આટલાં ધક્કા અને કેટલાય સ્ક્રીન ટેસ્ટ પછી એક ફિલ્મમાં હિરોઈન સાથે એક્સ્ટ્રાનો નાનકડો રોલ મળ્યો.

એ દિવસ તે ખુશી ખુશી ફિલ્મનાં શુટિંગ માટે ગઇ.એ જેવી મેક અપ રૂમમાં ગઇ, ત્યાં જ ફિલ્મોના પ્રોડ્યુસર કોઇ પણ બહાને ત્યાં આવ્યાં અને એની એકલતાનો લાભ લઇ કહ્યું કે," મેં તને કંઇ આપ્યું તો તેની કિંમત તો હું વસૂલ કરું જ નેં".

હવે અવનીને મમ્મી પપ્પાનું કહ્યું ન માની તેમની સામે જીદ કરી બહું ખોટું કર્યાનો અહેસાસ થઇ રહ્યો હતો.અને એમની લાગણી સમજાઇ રહી હતી, કે માત-પિતા જે પણ કંઈ કહેતા હોય તે સંતાનોનું હિત સમજીને જ કહેતા હોય છે.

મેઘલ કિશોરભાઇ ઉપાધ્યાય

'મેઘુ' રાજકોટ

---

### NOG SS No :- 0052

ન્યુઝ ઓફ ગાંધીનગર

વિષય : મા-બાપ

શીર્ષક : "હું"

પ્રકાર : ગદ્ય (લેખ)

હું અને મારો પરિવાર, આ હુંમાં સમસ્ત પરિવાર આવી ગયો, પરિવાર એકલો તો ન જ હોઈ શકે ?

આ મારાં અસ્તિત્વનો પાયો ,ઘડતર, ચણતર,ભણતર કે ગણતર કહો,આ બધાંને સાથે જોડી એક જ શબ્દમાં જો વર્ણન કરવું હોય તો 'મા-બાપ' એમ કહી શકું.

આ હું એટલે હું આવ્યો કયાંથી ?

પૃથ્વી પર અવતરણ કરવાનો જેને મોકો આપ્યો ,આ સુંદર સૃષ્ટિને જોવાનો , તેમાં મહાલવાનો અવસર મળ્યો હોય તો તેનો સંપૂર્ણ શ્રેય મારાં મા-બાપને જાય છે.

પરિવાર એટલે તેમાં મા-બાપ પ્રથમ આવે,ત્યાર પછી હુંનો નંબર આવે.સુખી પરિવારની વ્યાખ્યા જ એટલે મા-બાપ, તેમની છત્રછાયા નીચે પરિવાર ફુલેફાલે છે.સંકટ સમયે હૂંફ તકલીફ સમયે ટેકો,આર્થિક સ્થિતિ સારી હોય કે ખરાબ ,કપરાં સમયમાં બનતી બધી મદદ કરી જાણે, પોતે ભૂખ્યા રહી 'બસ હવે મારું પતી ગયું,' "આજે ભૂખ જેવું નથી,થોડી તબિયત ઠીક નથી લાગતી,બેટા મારે અત્યારે જરુર નથી જણાતી, તારે જે લાવવું હોય ,મૂકવું હોય તે મૂકી શકે છે,રૂપિયા ખૂટે કરે તો મને ચોક્કસ જણાવજે મારી પાસે થોડી જમાપૂંજી છે,તેમાથી વ્યવસ્થા કરી આપીશ."

"તે તમારી આખી જિંદગીની જમાપૂંજી છે, તે તો..."

"અરે ! મારે આ બધું ક્યા ઉપર લઈ જવાનું છે ,આ બધું તમારું જ તો છે.જરૂર હશે તો તમે તો છો જ ને."

"બેટા ,તમે વહુ ઓફીસે આરામથી જાવ ,હું છોકરાંઓને શાળાએ મૂકતો આવીશ, તારાં બા ઘરનું કામ સંભાળી લેશે."

કદાચ વહુ ત્રાસ આપે તો તે હસતાં મુખે સહન કરી ,પોતાનાં પુત્ર સામે કોઈ ફરિયાદ, દલીલ ન કરતાં વહુ-દીકરા વચ્ચેનો સંબંધ સચવાય રહે તેની ચિંતા કરતાં પોતે થોડું વધુ સાંભળી લે,સમાજમાં રુઆબ કેવો કરી બતાવે અમારી વહુ અમારો દીકરો તો...અમારી ખૂબ જ કાળજી લે ,અમારાં તો ભાગ્ય એટલાં સારા કે અમને આવાં સંતાનો મળ્યાં.

ખરેખર ત્યાગ, બલિદાન,નિઃસ્વાર્થ પ્રેમ જો આપી શકે તો તે મા-બાપ જ આપી શકે ,ધરતી પરનાં સાચાં ભગવાન જો જોવા હોય તો મા-બાપમાં તે જોયાં છે.એ આખી જિંદગી મારી પાછળ ખર્ચી નાખતાં સહેજપણ ખચકાયા નથી અને હું......

સંજય તરબદા "સાંજ",વડોદરા

---

સાહિત્ય સરિતા ગ્રૂપ

### NOG SS No : 006

શિર્ષક : જનેતા

વિષય :પિતા,માતા,સંતાન

લગાગાગા લગાગાગા લગાગાગા લગાગાગા

નથી તાકાત જે જગમા એ માની ગોદમાં મળશે,

દયા,કરુણા ઘણેરો સ્નેહ માની આંખડી રળશે .

અનેકે દર્દ વેઠીને સતત સંભાળ રાખે છે,

ન બીજું કોઇ માની તોલમાં વ્યવહાર એ કરશે.

હશે એ સાડલાની ભાતમાં કંઇ કેટલી પીડા,

છતા સંતાનને કાજે વ્યથાને પાર એ કરશે.

કદી સીતા, કદી કુંતા, કદી મા પાર્વતી રૂપે,

ધરીને રૂપ જગદંબા તણું સાતત્યને ઘડશે.

અહી તરછોડશે દુનિયા છતા એ ના કદી છોડે,

સમર્પણ જીવનું આપી એ રક્ષા બાળની કરશે.

ભલેને ભૂખની પીડા ઉદર એનું સહ્યા કરતું,

છતા એ કોળિયો સંતાનના મુખમાં સદા ધરશે.

જનેતા ના જખમ કેવા વળી એ કોઇ દેખેના,

ભલે સંતાન તરછોડે છતા પણ એ જતન કરશે.

દિવ્યા એમ.પુરોહિત,

"બંસરી"

## બિજનૌરમાં કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ મહાપંચાયતને સંબોધી

# દેશભક્ત અને દેશદ્રોહીમાં અંતર ન ઓળખી શક્યા પ્રધાનમંત્રી: પ્રિયંકા ગાંધી

બિજનૌર,તા.૧૫

કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ સોમવારે ઉત્તરપ્રદેશના બિજનૌરમાં ખેડૂત મહાપંચાયતને સંબોધિત કરી. જેમાં તેમણે મોદી સરકારને આડેહાથ લીધી હતી.

પ્રિયંકા ગાંધીએ અહીં કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને બે વખત જનતાએ પસંદ કર્યા, કારણ કે લોકોને તેનાથી લોકોને કંઈક આશા રહી હશે. તેમણે વારંવાર રોજગાર, ખેડૂતોની વાત કરી, પરંતુ હવે તેમના રાજમાં કંઇ નથી થઇ રહ્યું.

પ્રિયંકા ગાંધીએ અહીં સવાલ કર્યા કે, ૨૦૧૭થી અહીં ઘઉંના ભાવ નથી વધ્યા. પીએમ મોદીએ ખેડૂતોને બાકીના પૂરા નથી કર્યા, પરંતુ પોતાના માટે ૧૬ હજાર કરોડનું વિમાન ખરીદી લીધું છે. કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, મોદી સરકાર જે નવા કાયદા લાવી છે, તેનાથી ઉદ્યોગપતિ જમાખોરી કરી શકે છે.

કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, સાથે જ હવે લોકો પોતાની બજારો ખોલી શકશે, સરકાર બજારોમાં ટેક્સ લેવામાં આવશે. પ્રાઈવેટ બજારોમાં એમએસપી મળવાની બંધ થઈ જશે. સાથે જ પાક લેવો કે નહીં, તે ઉદ્યોગપતિની મરજી હશે. પ્રિયંકા ગાંધીએ પ્રહાર કર્યા કે, નવા



કાયદાથી માત્ર ઉદ્યોગપતિઓનું ભલુ થશે અને ખેડૂતોનું ક્યાંય સાંભળવામાં નહીં આવે.

પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, બધા જોઈ રહ્યા છે કે, બે-ત્રણ લોકોને વેચી દેવામાં આવી રહ્યું છે. પીએમ મોદી અમેરિકા, ચીન અને પાકિસ્તાન જઈ શકે છે પરંતુ દિલ્હીમાં બેઠેલા ખેડૂતોને નથી મળી શકતા. પીએમ મોદીએ ખેડૂતોની મજાક ઉઠાવી અને તેમને આંદોલનજીવી-પરજીવી ગણાવ્યા. પ્રિયંકાએ કહ્યું કે, મોદીજી દેશભક્ત અને દેશદ્રોહીમાં ફરક ન ઓળખી શક્યા.

પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, જેમણે તમને સત્તા પર બેસાડ્યા, તેમનો આદર કરો અને આ કાયદાઓને પરત લો. આ સરકારના કાર્યકાળમાં ખેડૂત, ગરીબની કમર તોડવામાં આવી અને અમીરોની મદદ કરવામાં આવી. પોતાના ભાષણના અંતમાં પ્રિયંકા ગાંધીએ આંદોલનમાં જે ખેડૂતોના મૃત્યુ થયા તેમના માટે બે મિનિટનું મૌન પણ રખાવ્યું.

# ટૂલકિટ મામલે જૈકબ-શાંતનુ ફરાર, બન્ને વિરુદ્ધ બિનજામીન પાત્ર વોરન્ટ

ન્યુ દિલ્હી,તા.૧૫

દિલ્હી પોલીસના સાઈબર સેલે શનિવારે ૨૧ વર્ષની ક્લાઈમેટ એક્ટિવિસ્ટ દિશા રવિની બેંગલુરુથી ધરપકડ કરી હતી.

ગ્રેટા થનબર્ગ ટૂલકિટ કેસમાં બેંગલુરુની ૨૨ વર્ષીય એક્ટિવિસ્ટ દિશા રવિની ધરપકડના બીજા દિવસે પોલીસ અન્ય લોકોની શોધ કરી રહી છે. દિલ્હી પોલીસે સોમવારે બે લોકો વિરુદ્ધ નોનબેલેબલ વોરંટ જાહેર કર્યા છે. જેના નામ નિકીતા જૈકબ અને શાંતનુ છે. દિલ્હી પોલીસે હાલ એટલું જ જણાવ્યું છે કે ટૂલકિટ કેસમાં આ બન્ને પણ સામેલ છે.

તો આ તરફ પ્રિયંકા ગાંધીએ એક કવિતા સોશિયલ મીડિયા પર શેર કરી છે. જેમા લખ્યું છે કે- બંદૂક વાળા એક હથિયાર વગરની છોકરીથી ડરે છે. ચિદમ્બરમે કહ્યું કે, શું એક ટૂલકીટ ભારતીય સીમામાં ચીની ઘુસણખોરીથી વધુ જોખમી છે

દિશાની ગ્રેટા થનબર્ગ દ્વારા ખેડૂત આંદોલનના સમર્થનમાં શેર કરાયેલી ટૂલકિટના કેસમાં રવિવારે બેંગલુરુથી ધરપકડ કરવામાં આવી હતી. સ્વીડનની એક્ટિવિસ્ટ ગ્રેટાએ પોતાના સોશિયલ મીડિયા અકાઉન્ટ પર આ ટૂલકિટ શેર કરી હતી. પોલીસનો આરોપ છે કે દિશાએ જ આ ટૂલકિટને સર્ક્યુલેટ કરી હતી.પૂર્વ કેન્દ્રીય મંત્રી અને કોંગ્રેસનેતા જયરામ રમેશે દિશાની ધરપકડ અંગે કહ્યું, આ ખરાબ હરકત છે. આ ધમકાવવાનું કામ છે.કોંગ્રેસનેતા શશિ થરુરે કહ્યું, ભારતમાં ખેડૂત આંદોલનને દબાવવા માટે જે રીતે રાજકીય વિરોધ અને વૈચારિક આઝાદી પર હુમલાઓ થઈ રહ્યા છે, દિશા રવિની ધરપકડ એમાં નવું પગલું છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# વસંતના વધામણા ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



કુળદેવી શ્રી ખંભલાય માતાજી.. કુત્સત્ ગોત્રી,આજે વસંત પંચમી પાટોત્સવ.. માંડલ









નામ- ડો. મનીષા વ્યાસ

NOG SS NO- 0088

વિષય શબ્દ- વસંતના વધામણાં..

પ્રકાર- પદ્ય

શિર્ષક - પ્રકૃતિરાણી પરણે..

------------------------------

પ્રકૃતિરાણી આજ પરણે, સખી રે..ને એનો લાડો, ઋતુરાજ વસંત જી રે...

કેસુડે ફૂલડે, મા અવની રે પોંખે..ઊઠો રે બેની, આજ મોકો ના મૂકો..

જઈ જલ્દી, એમના બારણીયા રોકો..આપ્યાં રે, ચોમેર એણે હરિયાલીના દાન..

લઈ ઓવારણાં આજ જોડું વધાવોજી રે..

પ્રકૃતિરાણી અને ઋતુરાજને વધાવોજી રે..

નામ- ડો. મનીષા વ્યાસ

------------------------------

NOG SS No :- 0044

પ્રકારઃ- ગદ્ય

વિષયઃ- વસંતોત્સવ.

વસંતનો વૈભવ.

જેની આતુરતાપૂર્વક રાહ જોતાં હતાં તેનું હવે થોડા જ દિવસોમાં આગમન થવાનું છે, બોલો એ શું? એ છે સૌની માનીતી અને પ્રિય ઋતુ વસંતઋતુ.તો ચાલો, સાથે મળી સૌ એને વધાવીએ.

વસંતઋતુ દિલોદિમાગ પર કબજો જમાવે છે.રોમ રોમ એને આવકારવા ઉછાળા મારે છે.પ્રેમીઓ પ્રણયનાં ફાગ ખેલવા માંડે છે.કુદરતની કરામત ચોમેર ફેલાયેલી છે.કામણગારો કેસૂડો સોળે કળાએ ખીલી ઉઠ્યો છે.

" વિભૂ" કમનસીબી તો જૂઓ, માનવીને ક્યાં ફુરસદ છે વસંતને માણવાની! સમય મળે એટલે મંડી પડે લખવા વસંતઋતુની શુભેચ્છા અને ફટાફટ મોકલે વોટ્સએપ,એફ.બી., ઈન્સ્ટાગ્રામ વગેરે પર.

મિત્રો,ગમે એમ સમય કાઢીને ઘરની બહાર નીકળી વસંતનો વૈભવ સપરિવાર માણવાની તક ઝડપી લો.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા
બિલીમોરા.

------------------------------

વસંત -ગાગાલગા લગાગા ર
દ્વીખંડી છંદ.

કોયલની કૂક સૌ એ પંચમનાં સૂર લાગે! વાસંતી વાયરાઓ, કવિતાનાં પૂર લાગે.

ભાગી એ પાનખર જ્યાં, ફટકાર એક દીધો, આવી વસંત કેવી પતઝડ જો દૂર લાગે.

મહેંકે સુવાસ થઈને, મારી સનમ વસંતે, ગાલે ગુલાબ ખિલતાં, જન્નતની હૂર લાગે.

વાસંતી વાયરાઓ, સ્પર્શે જ્યાં ભાવભરણાં , કમનીય થાય કાયા, વૃધ્ધત્વ દૂર ભાગે!

ઉપહાર છે બહારો, આવી વસંત બનતાં,

નાચી ઉઠ્યું હ્રદય આ મનડું મયૂર લાગે.

અંજના ગાંધી "મૌનું" ,વડોદરા

------------------------------

મારી વસંત ની એક ગઝલ અને વીડિયો...

NOG.SS No. 0073

વસંતમાં

કેમ ગમતું હશેરે વસંતમાં,
હૈયુ હિલોળાલેરે વસંતમાં.
પ્રકૃતિએ શરમ ત્યાગીરે વસંતમાં,
સોળેકળાએ ખીલીરે વસંતમાં.
મહેકી ઉઠ્યુંરે ઉપવન વસંતમાં,
હૈયું હિલોળાલેરે વસંતમાં.
કેસૂડાએ રંગરાખ્યોરે વસંતમાં,
પ્રકૃતિના રંગે રંગાયોરે વસંતમાં.
જોબનીયું લહેરાયુંરે વસંતમાં,
હૈયેથી હૈયું મળ્યુરે વસંતમાં.

નયના પટેલ..નૈન. વડોદરા

------------------------------

NOG SS No. .0059.

વિભાગ પદ્ય.

વિષય વસંતના વધામણા.

શીર્ષક 'પ્યારે' વસંત આવી.

હું જયકાન્ત એસ.ઘેલાણી ઉર્ફે પ્યારે' બોરીવલી.

આપ સર્વે મિત્રો ને વસંત આગમનના હાર્દિક વધામણા.

સાંભળો મારી પદ્ય રચના.

પ્યારે' વસંત આવી.

પ્યારે વસંત આવી,શું શું લાવી
ફાગણ કેરો ફાગ લાવી
ફૂલડા કેરી છાબ લાવી
કેશૂડાનો રંગ લાવી
પતંગિયાનો પમરાટ લાવી.
પ્યારે વસંત આવી...
હોળી કેરો રંગ લાવી
ભાઈચારાનો ભાવ લાવી
યૌવનનો ઉન્માદ લાવી
પૂર્ણતાનો આનંદ લાવી
પ્યારે વસંત આવી.....
વિરતાનો ડંકો વગાડી
દૂશ્મનોનો દાટ લાવી
સાહિત્યનો થાળ લાવી
આનંદની તો સાગર લાવી.
પ્યારે' વસંત આવી.
પ્યારે' વસંત આવી.

અસ્તુ.જયહિંદ.

જયકાન્ત એસ ઘેલાણી
પ્યારે'. બોરીવલી..

------------------------------

NOG SS No. 0029

રચના શીર્ષકઃ “ ચાલ વસંત ઉજવીએ”

ચાલ વસંત ઉજવીએ,
થોડી તારામાં સમાવીએ,
થોડી મારામાં વસાવીએ,
ચાલ વસંત ઉજવીએ..
ગમતાનો ગુલાલ કરીએ,
મનગમતી પળ માણી લઇએ,
ચાલ વસંત ઉજવીએ....
અરસપરસ ટહુકો કરીએ,
મોસમને નજીક આમંત્રીએ,
ચાલ વસંત ઉજવીએ..
ફાગણિયો મોસમ ગાઇએ,
સુખને હિંચકે જાતને ઝુલાવીએ,
ચાલ વસંત ઉજવીએ...
ગમા-અણગમા દૂર કરીએ,
જિંદગીને આવકારી લઇએ,
ચાલ વસંત ઉજવીએ...

લીના વછરાજાની. અમદાવાદ..

------------------------------

ન્યુઝ ઓફ ગાંધીનગર

સાહિત્ય સરિતા (૧)

વિષય : વસંતપંચમી

NOG SS. NO. : 0034

શીર્ષક : વાયરા વસંતનાં

વનકુંજમાં કરે કોયલ ટહુકારો, હૃદયકુંજમાં પિયુની પ્રીતનો હુંકારો.

કરે ભમરાંઓ ગૂંજન ડાળ-ડાળ પર,રેલાય છે ફોરમ પુષ્પ તણી રાહ-રાહ પર.

કરે કલશોર મનમોહક વાયરા વસંતનાં,કે ઝણઝણી ઉઠ્યાં તાર-તાર અંતરનાં.

નિખર્યો લીલેરો રંગ ભાવનાઓનાં વહેણમાં,પાંગરી ઉમંગો નવી ધરતીનાં કણ-કણમાં.

કરે સૌ સ્વાગત ઋતુઓની રાણી વસંતનું,આપે વધામણી ધીરા-ધીરા વાયરા વસંતનાં!

ડો. રેખા શાહ કચોરીયા

------------------------------

NOG SS No : 0051

પ્રકારઃ પદ્ય

શીર્ષકઃ વસંત બહાર

ધરા ધરાએ, તારો વાસ કાન્હા...

કણે કણમાં,તુંજ સમાયેલો કાન્હા...

વાંસળીના સૂર , બેસૂરા લાગે કાન્હા...

વિરહનો પ્રેમપત્ર, આવી વસંતની હેલી કાન્હા... તારા અંતરની વાણી, મારા મુખ પર સ્મિત કાન્હા... વસંતના આગમનથી, પ્રતીક્ષા પૂર્ણ થઈ કાન્હા...તારા પ્રેમનો એકરાર, જાણે વસંત બહાર કાન્હા..

ઉર્વશી મહેતા ,અમદાવાદ.

------------------------------

NOG SS NO : 004

મા સરસ્વતીનો જન્મ દિવસ, વસંતના વધામણાં કોકિલ અને કોકિલાને કંઠે??

વસંતની આ હેલી
આજોને પેલા કોકિલનો સ્વર
સાંભળી ને સામેજ..
કોકિલાનું મન કેવું ખિલી
ઊઠેને હૈયાની હેલી તો
કેવી ઊઠે વસંત પણ જો
ગાલે શરમનાં શેરડાનો
પ્રતિસાદ પાડી ફરી ને જો,
ટહુકી ઊઠી ને સામસામે,
ટહુકાઓ ટહુકી ઊઠ્યા ને,
એ જ ક્ષણે બારી બહાર ,
પડઘાઓની હારમાળ ને,
સૂણવા આ હૈયું હાથ માં..
ન રહ્યું ને ...
આંખલડી પણ ક્ષણ ક્ષણ,
ચહુ તરફ શોધમ શોધ જ,
કરતી રહી વરસ આખુય,
પ્રિતમ ને પ્રિયતમા ક્યાં?
મોર બેસે કે “વસંત “ છાયે કે!
ટહુકાની એ ફરી ફરી હેલે
“અમસ્તું અમસ્તું હૃદય ??
વરસ્યા કરેછે વરસાદની જેમ..”
વસંતની આ હેલીએ...!

જયશ્રી.પટેલ (મુખ્ય નિર્ણાયક)

------------------------------

NOG SS NO. 0092

પ્રકારઃ- પદ્ય

શીર્ષકઃ- વસંતના વધામણાંઃ-

ધરાએ લીલી ચૂંદડી ઓઢી છે, તું એને જોવા તો આવ.

ફૂલડે ફોરમ ફોરી છે, તું એને માણવા તો આવ.

કોયલે મધુર રાગિણી છેડી છે, તું સાંભળવાને તો આવ.

શીતળતાને ઉષ્માના સંધિકાળની ઘડી છે, એ મારી સાથે જીવવા તું આવ.

'ફાગણના ફૂલ' કેસૂડાથી શાખાઓ મ્હોરી છે, એનો વૈભવ નીરખવા તો તું આવ.

ઋતુરાજ વસંતના આગમનની છડી પોકારાઈ છે, તું એને અનુભવવા તો આવ.

જીવસૃષ્ટિમાં અનંગની હેલી વરસી રહી છે, તું એમાં ભીજાવાને તો આવ.

કૃષ્ણ એ કહ્યું છે કે, "ઋતુઓમાં હું વસંત છું", પ્રેમની એ ગીતાનું પઠન કરવાને તો તું આવ.

- અલકા મહેતા (ગાંધીનગર)

------------------------------

NOG SS NO :- 0025

પ્રકાર :પદ્ય

શીર્ષકઃ વસંત

'વસંત'

ક્યાંક પતંગિયાની પાંખમાં ઉડે છે વસંત,

ક્યાંક ફૂલોની સાથે વનમાં ખીલ છે વસંત,

ક્યાંક ભમરા સાથે ગુંજે છે વસંત,

કેસૂડાના રંગે રંગાય છે રોજ વસંત,

રાજાધિરાજ, રાજેશ છે ઋતુઓમાં વસંત,

કળીઓને જગાડી પુષ્પ બનાવે છે વસંત,

પાનખરથી પીડાયેલા પર્ણોને પંપાળે છે વસંત,

કોયલના રવને ટહુકો બનાવે છે વસંત,વાણીમાં મીઠાશ છલકાવે છે વસંત,

પાન, પ્રકૃતિ,ભ્રમર, ભૂમિમાં વસંત,કોયલ,કળી, કૈરવ, કાવ્યમાં વસંત,

કવિઓ ભરપેટ જમેછે ભોજનમાં વસંત,

પ્રભુને થયું કે પાનખરને કરું હું પ્રખ્યાત,ત્યારે વિશ્વાધારે કરી વસંતને વિખ્યાત.

પ્રકૃતિ ઘરે પરિણય પ્રસંગ છે વસંત,

કાક પણ ટહુકે એ છે વસંત,
'સુજ્ઞ'ના શબ્દોમાં વસંત,
ફાગમાં ઉત્સવ છે વસંત.

ભુમિત પીઠડિયા 'સુજ્ઞ',માંડવી
કચ્છ

------------------------------

NOG SS No... .0019

વિષય...વસંતનો વૈભવ

પ્રકાર..ગદ્ય

શીર્ષક...લીલુડી ધરતી

ઇન્દ્રિયોનાં સ્વભાવને ઓળખવાની ઋતુ છે.

એનો વૈભવ માણવા નયનરમ્ય ચક્ષુને નયનરમ્ય નજારો હોવો જોઈએ. દરેક પુષ્પ આ ધરતીમાં ખીલી જાય છે.. અને વસંતની વાયરામાં વહી જાય છે. વસંત નો સાચો સંબંધ લાગણીઓ ની ભિતર રહેલો છે. આ ધરતીમાં પ્લાસ્ટિક ફૂલો નું મહત્વ નથી, જે વનરાજી પાનખરમાં ખરી ગઈ હતી એને નવાં વસ્ત્રો સાથે વસંત થનગની ઉઠે છે. તમને વસંતમાં ટકવાનું મન થશે,,, ક્યાંય અટકવાનું મન નહીં થાય.વરસાદની હેલી શાંત રહીને જે અસર છોડી જાય છે એમાં જંગલ આખું લીલુંછમ બની જાય છે.

આ ધરાઅંતરના ઉંડાણની છે. અહીં હવે બહારથી જળ નથી મળતું જે છે એને વિકસાવવાની આ વાત છે. આ ધરતી સંત સમાન છે કંઈ લેશે નહીં પણ અઢળક આપીને જાય છે.

જો ભીતર પ્રસન્ન હશે તો જ ચારેતરફ હરિયાળી આવશે. ધરા ભીતર પ્રસન્ન રહી સૌને હરિયાળી આપી શાંત બને છે. વસંતના વૈભવમાં પર્ણે પર્ણે શ્રી હરિનું દર્શન થાય છે. ઉતરાયણ પછી સમીરનો મિજાજ કંઈક ઓર જ બની જાય છે. એટલે એ મધુરતા અર્પે છે. નિતાંત આકાશ નીચે સૂઇને નભ દર્શન ની ઋતુ એટલે વસંત. કોઈનો મીઠો રાગ સાંભળીને ગણગણવાની ઋતુ એટલે વસંત.વસુંધરાનાં વૈભવને ખોબલે ખોબલે આંખોમાં ભરવાની ઋતુ એટલે વસંત. પૃથ્વીનાં સૌંદર્ય ને સદાય અકબંધ રાખી વેણીનાં ગજરાને તરોતાજા રાખી શકે એ વૈભવી ઠાઠ છે વસંતનો. ભીતરની અમીરાત ને લીલીછમ કરી એકમેકને પાંગરવાનો સમય એટલે વસંત.

કેસૂડો એના કેસરી રંગની અસર ઘોળી, ધરતીનાં લીલા રંગની સાથે જાણે કેસરિયો કરતો જણાતો હોય છે.. આ વૈભવી અમીરી માણવા પશુ, પક્ષી મનુષ્ય, અરે દેવો પણ થનગનાટ અનુભવી રહ્યા હોય છે. વસંતનાં પ્રથમ પહોરે કંઈક અનોખો જલસો લાગે છે,,, જાણે પાન ખાય સૈયાં હમારો,,,

પાનખરના દુઃખ પછી જે સૌંદર્ય નું સુખ આવે છે એ મિઠાશ માણવાનો ઉત્સવ એટલે વસંત ઋતુ. સાથે મેળવેલું દુઃખ સુખના વ્યાજ સાથે પરત મળે છે.

આવો વૈભવ સહિયારી રીતે વહેંચીએ.

એક ખીલેલું પુષ્પ છે મારી પાસે,

એક ખુશખુશાલ સવાર છે મારી પાસે,

કંઈ છોડવું ને કંઈક આપવું એ ગણિત છે મારી પાસે,,

ઓ કુદરત, હવે તું એકદમ છે મારી પાસે...

કલ્પના ત્રિવેદી,સુરેન્દ્રનગર

------------------------------

NOG SS No. 0079

વિષય વસંત

ગદ્ય

મથાળું રુમઝુમ વસંત

ઠંડીમાં થરથરતા વૃક્ષો વાટ જોઈ રહ્યા હતા. ત્યાં રુમઝુમ કરતી વસંત આવી પહોંચી. આનંદનો અવધિ ઉછળી રહ્યો. પવનની લહેરખી ચેતનાનો સંચાર કરી રહી. પેલી નાની કુપળોનું સ્મિત રેલાઈ રહ્યું.

ચારે તરફ વાતાવરણમાં સુરીલું સંગીત રેલાઈ રહ્યું . વસંતના વાયરા સમગ્ર બદનમાં ઉમંગ પ્રસરાવી રહ્યા. વસંતના વધામણા સંભળાયા ને કોયલનો મધુર અવાજ ગુંજી રહ્યો.

ઋતુઓની રાણી વસંતના પાયલનો રણકાર કાનનું પીણું ખૂબ મધુર લાગ્યું. નયનોના દ્વારોથી રસપાન કરી રહી. વાણી વહેવાને બદલે શાંત થઈ ગઈ. મૌન દ્વારા પરમનો પામી રહી.

હે , વસંત તારા આગમનને વધાવું છું. વર્ષોના વહાણાંવાયા તારું ચીર યૌવન

નિરખવાને સદભગી બની છું. સદા હસતી રમતી આવ, તારી ઓઢણી દ્વારા સમગ્ર વાતાવરણમાં ઉમંગ અને ઉલ્લાસ પ્રસરાવ.

વસંત આવી વસંત આવી
ચાલને સખી પ્રિયતમ સંગે
પાગલ થઈએ!

પ્રવિણા કડકિઆ .હ્યુસ્ટન,અમેરિકા

------------------------------

NOS SS No : 0082

વિભાગઃ પદ્ય

શીર્ષકઃ વસંત કેરા વધામણા

આવરે રૂડી વસંત તું આવરે
ધરા કેરી જાજમ બિછાવી મે
પાનખર વૃક્ષોમા છુપાઈ છે
મીઠી સોડમની શોધમાં
ઠંડી લહેરોને તે હણી ભલે
કોકિલ કંઠી કોયલ ગૂંજે,
આંબા ડાળે મોર ખીલે
ફાગણિયો લહેરાયો રૂડો,
પોષની ઠંડી હવા ગરજે
કેસૂડાં મરક મરક ખીલે
તન બદનમાં મુસ્કાન હવાની
હૈયે પ્રીતનાં વાદળ ગરજે,
રૂડી વસંત રાણી બનીને
ધીમા પગરવ છમછમ કરતી,
બહુરંગી પિચકારીનાં રંગે
છંટકાવ કર્યો ધરતીનાં પટે
આનંદ વિભોર થઇ ઝૂમતાં
પંખીઓ કલરવ કરી ઉડત

ડો અનિરુદ્ધ વ્યાસ,નડિયાદ,સાક્ષર નગરી

------------------------------

NOG. સાહિત્ય સરિતા (૧)

NOG SS No. - 0036

પ્રકાર - પદ્ય

શીર્ષક - વસંતનો વૈભવ

વસંતનો વૈભવ

વાસંતી લાગણીનાં ઝરણાંએ ખળખળવું ગમે;પોતીકા મીઠાં-મધુરાં સગપણે પ્રસન્નવું ગમે...

ભ્રમરનો ગુંજારવ ને ફૂલોની ફોરમ લહેરાય;કોયલ-શી મીઠી વાણીનાં ટહૂકે ટહુકવું ગમે...

જૂઓ, લહેરાતી ડાળે રૂડો કૂંપણનો દરબાર;કેસૂડાનાં રંગે રંગાઈ પુષ્પ થઈ મહેકવું ગમે...

વાતા વાયરે ઝૂલે ખુશમિજાજે સુગંધી વૃક્ષો;નિસર્ગનાં યૌવને આતાજગીભર મલકવું ગમે...ઉરનાં ગહેકારે કરીએ વસંતના વધામણાં;સખીરી મોરી, શબ્દોનાં પાલવડે લહેરવું ગમે...

અરૂણાબેન ત્રિવેદી, અમદાવાદ

------------------------------

NGO સાહિત્ય સરિતા (૧).

NOG SS No.0032

વિભાગ પદ્ય.

વિષય વસંતનાં વધામણા.

શીર્ષક :- વસંત

પાનખર માં વસંત ઝૂમી ઉઠી,
ખોઈ બેઠી મુજને ,પામી તુજને.
કોને કહું આજ દિલની વાત
આજ મૌસમ મુજથી હરખાણી.
મારા ગાલ પર લાગ્યો,
તારી કાતિલ નજરોનો રંગ.
લાલ, પીળો અને કેસરી,
લાગ્યો ફાગણિયો રંગ.

કુદરતી હાસ્ય અને કુદરતી મોજ,જિંદગી સફળ થઈ આજ કુદરતી મોજ.

લહેરે છે મસ્તી અને લહેરે છે ફાગણ,બસ હંમેશા રહે આ ફાગણીયો વસંત..

મીના માંગરોલીયા મીનું
અમદાવાદ ..

------------------------------

NGO SS No : 0015

પ્રકારઃ- ગીત

શીર્ષકઃ- વસંતી મોસમ

આવી સૌને ગમતી મોસમ
લાવ્યો ફાગ વસંતી મોસમ
પાંદડે પાંદડા ડોલતા મોજે
ફૂલડે ફૂલડા બોલતા રોજે
ડાળે ડાળે ફરતી ફોરમ
રેલાય હવે એ ચોગમ ચોગમ
આવી સૌને ગમતી મોસમ
લાવ્યો ફાગ વસંતી મોસમ
કેસુડો શોભતો કેસરી સાફે
પ્રેમના રંગથી હૈયું જો હાફે
ખીલી ઉઠતી આખી આલમ
યાદ અપાવે વ્હાલો વાલમ
આવી સૌને ગમતી મોસમ
લાવ્યો ફાગ વસંતી મોસમ
વાયરો ઢોળતો મીઠડા રંગો
ખીલતાં હૈયડા, નાચતાં અંગો
ભોમ બને રંગોની જાજમ
ચેતનવંતો બનતો આતમ
આવી સૌને ગમતી મોસમ
લાવ્યો ફાગ વસંતી મોસમ

મેહુલ ત્રિવેદી,(ઘાયલ મેઘ)
ખેરાળી

------------------------------

NOG SS No : 0086

પ્રકાર : પદ્ય

શીર્ષક : વસંતનાં વધામણાં

વાસંતી વાયરો વાયો, ને હૈયે ફૂંટી નાની-શી કૂંપળ,ઉગ્યો કુમળો સ્પર્શ, ને બરછટ ટેરવાં થયાં સળવળ.

આંબા ડાળે ટહુકી મીઠડું, ભરબપોરે કોયલ આજ તો,ડાળે-ડાળે મ્હોર્યો કેસુડો, ને મ્હેંક્યું રોમેરોમ આજ તો.ગહેંક્યો મોરલો સાદ દેતો, કંઈ કેટલુંય કહી જાય મને,નદીએ આવ્યાં નીર, ખળખળ વહી જાય ઝરણું જોને.

વેઠી પાનખર તો આવી વસંત આજ મનને આંગણ,વસંતનો વૈભવ ક્યાં ટકે? બે ઘડી મનમાં જાગે ફાગણ.

ચાલ 'ઝીલ' ભરી લે શ્વાસોમાં તરસ આખાય વરસની;પાનખરનાં હૈયે ટહુકી રહી છે ભીની મહેંક વસંતની..!!

વૈભવી જોષી 'ઝીલ'
સિડની, ઓસ્ટ્રેલિયા

------------------------------

NOG SS No : 0095

પ્રકાર - ગદ્ય

શીર્ષક : કેતકીની જીવન સંધ્યા

આજની સાંજ કેતકી માટે કાંઈક નવો જ ઉત્સાહ ને ઉલ્લાસ લઈને આવી હતી. આજે જાણે ઘણાં વર્ષોની કેતકીની તપસ્યા ફળી હતી. અને કેતકી નાં જીવનરૂપી બાગમાં જાણે ચારેબાજુ ફૂલોનું સામ્રાજ્ય રેલાયું છે, અને ખુશીઓનું સંગીત રેલાયું છે. જેમ ચોમાસામાં સમી સાંજે મેઘધનુષનાં રંગો આકાશમાં રેલાઈને સંધ્યાના રૂપને ખીલવે છે એવું જ કેતકીનું રૂપ સોનેરી સંધ્યા નાં રંગો સમું ખીલી ઊઠ્યું છે.

કેતકી અને કરણે પાંચ વર્ષ પહેલાં કોર્ટમાં લગ્ન કરી લીધા હતા. પણ કેતકી ને સાસરે જવાનો અવસર આજે આવ્યો હતો. આજે એને કરણ પહેલીવાર જ પોતાના માતા પિતાને મળવા લઈ જવાનો છે એ વિચારે જ જાણે કેતકી નાં અંગ અંગમાં વસંત મહોરી ઊઠી હતી.

“જેમ ઋતુઓની રાણી વસંત એમ જ કરણનાં હૈયાની રાણી કેતકી આમ જાણે મીઠો સમન્વય !

કરણ સાથે લગ્ન જીવનનાં શમણાં જોતી કેતકી ઘરનાં ઉંબરે બેસીને ખીલેલી સંધ્યા નાં રંગો ને જાણે પોતાનામાં સમાવીને , વસંત ની સંધ્યા ને જાણે કહેછે કે,“ આજે તમે મન મૂકીને ફૂલો વરસાવો વસંતરાણી, અને મારા જીવનને મઘમઘતું કરો ! “

ને ત્યાં જ એના મોબાઈલ ની રીંગ વાગી ..

કરણનો જ ફોન હતો ને એના શબ્દો કેતકીની વસંતમાં સદાને માટે પાનખર મૂકી ગયા ! “ કેતકી મારા માતા પિતા આપણાં લગ્ન માટે રાજી નથી એટલે હવે આપણે કાયમ માટે છૂટા થવું પડશે છૂટાછેડા લઈને ! “

અને આ વાસંતી સાંજ કેતકી માટે અમાસની કાળી અંધારી રાત બનીને રહી ગઈ.

દીપિકા ચાવડા, ‘ તાપસી ‘ ભાવનગર

------------------------------

ન્યુઝ ઓફ ગાંધીનગર

સાહિત્ય સરિતા

NOG SS: 0089

પ્રકાર :: પદ્ય

શીર્ષક :: ફૂલી ફાટી મહેક વસંતની

કદમ્બડાળે ઝૂલી હારમાળા પંક્તિની હવે તો હરિ આવો ને...!

રેશમી દોરીએ લટકે ફૂલો શબ્દ બની હવે તો હરિ આવો ને...!

આ વસંત ખીલે શતપાંખડી, હવે તો હરિ આવો ને;

આ સૃષ્ટિ એ ધરીયા સોહાગ; હવે તો હરિ આવો ને;

આ વિશ્વ વદે છે વધામણી, હવે તો હરિ આવો ને;

આવી વાંચો અમારા સૌભાગ્ય; હવે તો હરિ આવો ને...!

ઉપર ચીટકાવ્યું ઝાંકળ જો બુંદ બની હવે તો હરિ આવો ને...!

ઉગ્યુ'તું મેઘધનુ ઝાંકળ મહીં પર્ણની હવે તો હરિ આવો ને...!

---રેખા શુક્લ

# શ્રી અન્નપૂર્ણા વિલેજ હેરીટેજ રેસ્ટોરન્ટ અને રાધે-રાધે પરીવાર ગાંધીનગર દ્વારા દિકરીઓનો વધામણાં કાર્યક્રમ યોજાયો

શ્રી અન્નપૂર્ણા વિલેજ હેરીટેજ રેસ્ટોરન્ટ અને રાધે-રાધે પરીવાર ગાંધીનગર દ્વારા ×દિકરીઓના વધામણાં× કાર્યક્રમ યોજી કોઈક દિકરી એ માતા નો આસરો અને કોઈક દિકરીએ પિતાનો આસરો ગુમાવ્યો હોય તેવી દિકરીઓને પુજન કરીને સન્માનિત કરવામાં આવી. માતા પિતાના દિલનાં કોડીયામાં, સંસ્કારોના તેલ વડે, વાત્સલ્ય ની દિવાસળી થકી ઘર અને સમાજને ઉજાગર કરનારી દિવેટ એટલે... ×દિકરી× અને

દિકરી વ્હાલનો દરીયો, દિકરીને ગાય દોરો ત્યાં જાય. આવી ઘણી કહેવાતો આપણે આપણી સંસ્કૃતિમાં સાંભળતા આવ્યા છીએ. દિકરી એટલે પ્રેમનો ખજાનો, દિકરી એટલે સમર્પણ ની ભાવના, દિકરી એટલે માં-બાપ ના પ્રેમનો ભંડાર, દિકરી એટલે પ્રેમ, કરુણા, મમતા અને ત્યાગની સાક્ષાત જીવંત મુર્તિ. કહેવાય છે કે ભગવાન જ્યારે દુનિયામાં દરેકનાં આંસુ લૂછવામાં પહોંચીના વળ્યાં એટલે એમણે દીકરીનું સર્જન કર્યું. આ સમગ્ર પંક્તિઓને સાચા અર્થમાં ચરિતાર્થ કરી છે આપણાં ગાંધીનગર શહેરના અન્નપૂર્ણા વિલેજ રેસ્ટોરન્ટ કે આપણે કહી શકીએ આ મારું ગામડું !

હાલો બપોરા કરવા...

પાટનગર અને કર્ણાવતીના દિલમાં ધબકે છે અન્નપૂર્ણા વિલેજ ! કાઠિયાવાડના કોઈ ગામડામાં બેઠા હો એવું લાગશે. અહીં જીવે છે મારું છેવાડાનું ગામડું !

બપોરા હોય કે રોંઢો, શિરામણ હોય કે વાળુ, કે પછી ચળુ કરવા બેઠા હશો તો ય તમારી આંખમાં ગામડું ઝબકી જશે. ઘડીભર માટે કોક્રીટના જંગલો ભૂલીને તરોતાજા ગામડાની ખુલ્લી હવા તમારી છાતીને અનોખા પ્રાણવાયુથી ભરી દેશે. રૂંવાડે-રૂંવાડે રોમાંચની સરવાણી ફૂટશે !

ટૂંકમાં ગામડાની અસલ મોજ એટલે અન્નપૂર્ણા વિલેજ !

અન્નપૂર્ણા વિલેજ હેરીટેજનું પૌરાણિક વાતાવરણ, શહીદ સ્મારક અને કાઠિયાવાડી ભોજન આકર્ષક નું કેન્દ્ર છે. અને સમાજ સેવા ની અનોખી મિસાલ બની રહેલા શહેરના રાધે-રાધે પરીવાર, ગાંધીનગર નાં યુવાનોએ. સમગ્ર કાર્યક્રમ માં કોઈક એ માતા કે કોઈક એ પિતા નો આસરો ગુમાવ્યો હોય તેવી ૨૧ દિકરીઓને અન્નપૂર્ણા વિલેજ હેરીટેજ રેસ્ટોરન્ટ ના આંગણે ૨૧ દિકરીઓને આપણી ભારતીય સંસ્કૃતિની પ્રણાલી મુજબ પંચામૃતથી ચરણ પખાળવામાં આવ્યા. સાથે સાથે કપાળમાં કુમકુમ તિલક કરી,આરતી ઉતારી, પૂજા અર્ચના કરીને બધીજ દિકરીઓને કાંસા ની થાળીમાં અન્નપૂર્ણા વિલેજ નું પાકું સ્વાદિષ્ટ ભોજન કરાવવામાં આવ્યું ત્યારબાદ દરેક દિકરીઓને રોટી મેકર ઈલેક્ટ્રોનિક મશિન , થાળી - વાટકી, ચમચી, ગ્લાસ એમ ફુલ સેટ, સોપારી, ચાંલ્લા, નેઈલ પોલિશ, માથામાં નાખવાની પીન અને રીંગ, બોળીયું, અને એક ભેટ સ્વરૂપે કવર આપી સન્માનિત કરવામાં આવી. કાર્યક્રમ માં અન્નપૂર્ણા હેરીટેજ રેસ્ટોરન્ટ તથા યુવા નેતા ગુજરાત પ્રદેશ ભાજપ ના ધવલભાઈ દવે, ગાંધીનગર મહાનગરપાલિકા ના મેયર શ્રીમતિ રીટાબેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા સાહેબ (જીગા બાપુ), સ્વામીનારાયણ મંદિર સેક્ટર - ૨ ના પી.પી.સ્વામી, ગાંધીનગર



મહાનગર શહેર ભાજપ મંત્રી જીગ્નેશભાઈ ઠક્કર, કોર્પોરેટર શ્રી કાર્તિક ભાઈ પટેલ, ધવલભાઈ દવે અમારા ગુરૂ એવા પારૂલબેન અત્તરવાલા, પ્રાધ્યાપક અંજનાબેન પટેલ એ ઉપસ્થિત રહીને સર્વેને આશીર્વાદ આપ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સમગ્ર વાતાવરણ ભાવુક બની ગયું હતું. આજનાં યુગમાં આપણાં અન્નપૂર્ણા વિલેજ હેરીટેજ રેસ્ટોરન્ટ અને ×રાધે-રાધે પરીવાર, ગાંધીનગર નાં યુવાનોએ સમાજને એક નવો રાહ ચીંધી ઉત્તમ અને ઉમદા ઉદાહરણ પુરૂ પાડ્યું છે. એમનાં આ કાર્યક્રમની આજુ બાજુ નાં લોકો અને સંસ્થાઓ એ પણ આગવી નોંધ લીધી છે અને અઢળક શુભકામનાઓ પાઠવી છે. એક એવો પરીવાર એમાં માતા નું નામ દિપીકાબહેન અને પિતા નું નામ રોશનભાઈ જેઓની લાડલી પાર્થી ની ચૌલક્રીયા અને એમના પરીવાર ના નિધીબહેન ધ્રુવભાઈ પટેલ જેઓના લગ્ન ની પ્રથમ એનિવર્સરી ની ઉજવણી આ દિકરી વધામણાં કાર્યક્રમ માં આર્થિક રીતે સહયોગ કરી અને સાથે સાથે આવેલ મહેમાન ના સાથ અને સહકાર અને અન્નપૂર્ણા વિલેજ હેરીટેજ રેસ્ટોરન્ટ પરીવાર સાથે સાથે રાધે-રાધે પરીવાર ના મિત્રો ના સહયોગ થી કાર્યક્રમ ને સફળતા મળી હતી અને માનવતાનુ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.



**આજ રોજ ગાંધીનગર મહાનગર પ્રમુખશ્રી ઋચિરભાઇ ભટ્ટની આગેવાની હેઠળ રાહુલ ગાંધી દ્વારા આસામમાં ગુજરાત અને ગુજરતીઓને શોષણખોર કહીને જે અપમાન કરાયું છે તેના વિરોધમાં સાંજે ૫ કલાકે ઘ-૫ સર્કલ ખાતે ગાંધીનગર મહાનગરના સર્વે હોદ્દેદારો તથા કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ કાર્યક્રમમાં ઘ-૫ સર્કલથી કોંગ્રેસ કાર્યાલય સુધી પ્રદર્શન યાત્રા યોજાઇ હતી અને રાહુલ ગાંધી વિરુદ્ધ સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.**

# દિલ્હીમા બજરંગ દળના કાર્યકર્તા રીંકુ શર્માને વિધર્મી જેહાદીઓ દ્વારા હત્યા કરવામાં આવી હતી જેને લઈને પાલનપુર જિલ્લા કલેકટરમાં આવેદનપત્ર આપવામાં આવ્યું

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠામાં ભવદીય બજરંજ દળ દ્વારા સોમવારે બનાસકાંઠા જિલ્લા કલકટરને આવેદનપત્ર આપવામા આવ્યું હતું જેમાં રામજન્મ ભૂમિ પર ભવ્ય રકમ મંદિર નિર્માણ માટે નિધિ સમર્પણ અભિયાન ચાલુ કરવામાં આવ્યું છે જેનું પાલન કરવા માટે દિલ્હીના મંગોલ પુરીના કાર્યકર્તા રીંકુ શર્મા રામભક્તો ની સાથે નિધિ એકઠી કરવા માટે દરરોજ જતા હતા ત્યારે શેરીના વિધર્મી યુવકો દ્વારા તેમને વારંવાર રામ જન્મભૂમિ મંદિરના કાર્યમાં નહિ જવાની ધમકી આપતા હતા અને ૧૦ ફેબ્રુઆરી ના રોજ રીંકુ શર્મા પોતાના ભાઈ સાથે નિધિ એકઠી



કરીને ઘરમાં આવ્યા હતા ત્યારે રાત્રિના દસ વાગ્યાના સુમારે શેરીના જેહાદીઓ દ્વારા ઘરમાં ઘૂસીને રીંકુ શર્મા તેમજ તેના પરિવાર પર હુમલો કરવામાં આવ્યો હતો.હુમલામાં ગેસ સિલિન્ડર વિસ્ફોટ કરીને આખા કુટુંબને હત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો જેમાં રીંકુ શર્માના પીઠ પર ચાકુથી વાર કરીને તેની હત્યા કરવામાં આવી અને ઘરમાં મહિલાઓને ઈજાઓ પહોંચાડી હતી ત્યારે રીંકુ શર્મા ની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા પરંતુ ઘાતક હુમલાના કારણે શરીર ઉપર લોહી લુહાણ આવેલ તેથી મોતને ભેટયા હતા જેને લઈને દેશભરમાં પ્રત્યાઘાતો પડ્યા હતા.જેને લઈને બનાસકાંઠામાં ભવદીય બજરંગ દ્વારા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું

# અરવલ્લી એસઓજીએ જામનગર દરેડ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં ત્રાટકી

અરવલ્લી બ્યુરો મોડાસા

ગાંધીનગર રેન્જ આઈજી અભય ચુડાસમા અને અરવલ્લી એસપી સંજય ખરાતના આગમન પછી જીલ્લામાં પ્રોહિબિશનની શક્ષ કાર્યવાહી,ચોરી લૂંટના વણઉકેલ્યા ગુન્હાનોનો ઝડપથી ભેદ ઉકેલાઈ રહ્યો છે બાયડ નજીક આવેલા ડેમાઈ ગામનો યુવક ૬ વર્ષ અગાઉ સગીરાનું અપહરણ કરી ફરાર થઇ ગયો હતો જે અંગે બાયડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી છેલ્લા ૬ વર્ષથી પોલીસને થાપ આપવામાં સફળ રહેલા આરોપીને જીલ્લા એસઓજી પોલીસે જામનગરના દરેડ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાંથી ભોગ બનનાર સગીરા અને તેના દોઢ વર્ષના પુત્ર સાથે દબોચી લઈ સંજય પટેલને જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી



અરવલ્લી જીલ્લા એસઓજી પીઆઈ જે.પી.ભરવાડ અને તેમની ટીમને બાતમી મળી હતી કે ૬ વર્ષ અગાઉ સગીરાનું અપહરણ કારી ભગાડી જનાર ડેમાઈ ગામનો સંજય ઉર્ફે કાળીયો નટવરભાઈ પટેલ ભોગ બનનાર સગીરા સાથે જામનગરના દરેડ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં રહે છે બાતમી મળતા તાબડતોડ જીલ્લા એસઓજી પોલીસ દરેડ ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં છાપો મારી સંજય પટેલને ભોગ બનનાર સગીરાને તેના દોઢ વર્ષના પુત્ર સાથે દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી તજવીજ હાથધરી આગળની તપાસ માટે બાયડ પોલીસને સુપ્રત કરી ૬ વર્ષ અગાઉ બાયડ પોલીસ સ્ટેશને નોંધાયેલ સગીરાના અપહરણના ગંભીર ગુન્હાનો ભેદ ઉકેલી દીધો હતો

# મગરવાડાના નિવૃત પોલીસકર્મીની માનવતા મહેકી કુતરાઓના મુખમાંથી વાનરના બચ્ચાનો જીવ બચાવ્યો

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

વડગામ તાલુકાના મગરવાડાના નિવૃત પોલીસ કર્મી ગણેશભાઈ ચૌહાણ દ્વારા મગરવાડા રોડ પર પર કુતરાઓ એક નાના વાનરના બચ્ચાને બચકા ભરતા હતા તે જોઈને નિવૃત પોલીસ કર્મીએ મોતના મુખમાંથી બચાવાયું હતુ.

વડગામ મગરવાડા રોડ પર સોમવારે વાનરોના ટોળાં કીકીયારી પાડતા હતાં તે જોઈને મગરવાડાના નિવૃત પોલીસ કર્મી ગણેશભાઈની નજર પડતા ત્યાં ઝાડ પરથી એક નાનું વાનરનું બચ્ચું પડી ગયું હતું અને કુતરાઓ તેને બચકા ભરતા હતા ત્યારે ગણેશભાઈ હાથમાં લાકડી લઈ કાંટાની વાડ કૂદી વાનરના બચ્ચાને મોતના મુખમાંથી બચાવાયું હતું.બચ્ચાને પકડવા ગયા ત્યારે બચ્ચું ગભરાયેલ અને લોહીથી ખરડાયું હતું અને કૂતરાએ બચ્ચાને પગના સાથળે બચકા ભર્યા હતા.

મગરવાડા રોડ નજીક એક ઝાડ પર વાનરો કીકીયરી કરતા હતા અને મારી નજર ત્યાં પડી ત્યારે નીચે એક નાનું બચ્ચું પડી ગયું હતું અને કુતરાઓ બચ્ચાને બચકા ભરતા હતા.બચ્ચાને બચાવીને મારા ઘરે લાવ્યો હતો અને મારા પરિવારે તેમને પાણી પીવડાવ્યું તેમજ ઘાસ આપ્યું હતું અને દવાખાને લઈ ગયા હતા.ત્યારબાદ આર એફ ઓ ને જાણ કરતા તેઓ બચ્ચાને રૂપાલ ના ફોરેસ્ટ નર્સરીમાં લઈ ગયા હતા તેવું નિવૃત પોલીસકર્મી ગણેશભાઈ ચૌહાણ જણાવ્યું હતું.

# લગ્નપ્રસંગમાં રાસ-ગરબા રમવા બાઈક પર નીકળેલા ત્રણ યુવકોને કાળ ભેટી ગયો

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં અકસ્માતની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થઇ રહ્યો છે વાહનચાલકો ટ્રાફિકના નિયમોનો ઉલાળીયો કરી બેફામ ગતિએ વાહન હંકારતા જીલ્લાના માર્ગો રક્તરંજીત બની રહ્યા છે બાયડના વાંટડાના ચાર યુવકો બાઈક પર સરપોટીયા ગામે લગ્નપ્રસંગમાં નીકળ્યા હતા બાયડ-કપડવંજ રોડ પર કાવઠ પાટીયા નજીક પીકઅપ ડાલાએ બાઈકને અડફેટે લેતા ત્રણ યુવકોના મોત નિપજ્યા હતા એક યુવકના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો અકસ્માતની ઘટનાની જાણ બાયડ પીઆઈ એન.જી.ગોહીલને થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મૃતક યુવકોની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી એક જ ગામના ત્રણ યુવકોના અકસ્માતમાં મોત નિપજતા આખું ગામ હીબકે ચઢ્યું હતું અકસ્માતના પગલે સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું હતું

શનિવારે સાંજે લગ્ન પ્રસંગમાં જવા નીકળેલ વાંટડાના ત્રણ યુવકોને રસ્તામાં કાળનો ભેટો થઇ જતા અકસ્માતમાં ત્રણ યુવકોના મોત નિપજ્યા હતા વાંટડા ગામના નવીનભાઈ સુરેશભાઈ પરમાર,વિનોદકુમાર અરવિંદભાઈ પરમાર,મહેશ ભાઈ છગનભાઈ પરમાર અને વિશાલકુમાર રમેશભાઈ નાયક બાઈક પર સરપોટીયા ગામે સબંધીના ઘરે લગ્નપ્રસંગમાં રાસ-ગરબાનો પ્રોગ્રામ હોવાથી બાઈક લઈને નીકળ્યા હતા બાયડ-કપડવંજ રોડ પર આવેલ કાવઠ પાટિયા નજીક માતેલા સાંઢની માફક આવી રહેલા પીકઅપ ડાલાના ચાલકે બાઈકને ધડાકાભેર ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં નવીનભાઈ અને વિનોદ કુમારનું ઘટનાસ્થળે પ્રાણપંખેરુ ઉડી ગયું હતું ગમખ્વાર અકસ્માતને પગલે આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા અને અકસ્માતમાં ગંભીર ઈજાગ્રસ્ત

મહેશ ભાઈ અને વિશાલ કુમારને સારવાર અર્થે દવાખાને ખસેડાતા સારવાર દરમિયાન વધુ એક યુવક મહેશભાઈનું મોત નિપજતા ભારે ચકચાર મચી હતી વિશાલ કુમારની હાલત હાલ સ્થીર હોવાની માહિતી પ્રાપ્ત થઇ હતી અકસ્માતની ઘટનાના પગલે મૃતક યુવકોના પરિવારજનો અને સગા-સબંધી મોટી સંખ્યામાં ઉમટ્યા હતા અને આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતું બાયડના નાનકડા વાંટડા ગામના ત્રણ આશાસ્પદ યુવકોને કાળ ભરખી જતા આખું ગામ શોકમગ્ન બન્યું હતું એક સાઠે ત્રણ ત્રણ અર્થી ગામમાંથી ઉઠતા ગામ આખું હીબકે ચઢ્યું હતું કોણ કોણે સાંત્વના આપે તેવી કરુણ સ્થિતીનું નિર્માણ થયું હતું

બાયડ પોલીસે જયંતીભાઈ છગનભાઈ પરમારની ફરિયાદના પીકઅપ ડાલાના અજાણ્યા ચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

# વાલમ બ્રાહ્મણ જ્ઞાતિના ગં.સ્વરૂપ બહેનો માટે ગંગા સ્વરૂપ માતૃ મીલન સમારોહ યોજાશે

અમદાવાદ તા.૧૫

ગાયત્રી પરિવાર યુકે શ્રી કનકભાઈ વ્યાસ તથા વાલમ બ્રાહ્મણ કેળવણી અને સાંસ્કૃતિક મંડળ દ્વારાવિક્રમ સંવત ૨૦૭૭ મહાસુદ નોમતા. ૨૧-૦૨-૨૦૨૧ને રવિવારનાં શુભ દિને સવારે ૯ થી ૧૨ કલાકે શ્રી મહાલક્ષ્મી માતાજી ના મંદિર ગુરૂદ્વારા પાસે બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસે ઓઢવ અમદાવાદ ખાતે માતાજીના યજ્ઞ‘ તથા ગં.સ્વ.બહેનોદ્વારા મહાલક્ષ્મી માતાજી (શ્રીયંત્ર) નું પુજન તથા શ્રી સુક્તમપાઠ તથા સમુહમાં માતાજી ની આરતી ઉતારવા કાર્યક્રમ નું આયોજન રાખવામાં આવેલ છે..

આ કાર્યક્રમમાં ચુંવાળ પંથકના ભામાશા શ્રી કુંવરજી ઠાકોર તથા સુપ્રસિદ્ધ કથાકાર શ્રી રાજેન્દ્ર પ્રસાદ ભટ્ટ ઉપસ્થિત રહેવાનાં છે એમ શ્રી ભાઈલાલભાઈ ભટ્ટે અખબારી યાદીમાં જણાવ્યું છે



**સેક્ટર ૨૮ ખાતે યોજાયેલ ભાજપાના કાર્યક્રમમાં વોર્ડન.૧ના આગેવાનો અને કાર્યકર્તાઓએ શહેર ભાજપ પ્રમુખશ્રી ઋચિર ભટ્ટને પેજ સમીતિની ફાઈલો સુપરતકરી.**

## અરવલ્લી : ચૂંટણી પહેલા ભગવો લહેરાયો,કોંગ્રેસ મૂર્છિત

# બાયડ તાલુકા પંચાયતની લીંબ અને બોરોલ બેઠક પર ભાજપ બિનહરીફ

અરવલ્લી બ્યુરો મોડાસા

સ્થાનિક સ્વરાજયની ચૂંટણી જંગ પહેલા ભાજપનો ભગવો અરવલ્લી જીલ્લામાં લહેરાયો હતો બાયડ તાલુકા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસ અને ઉમેદવારની ભૂલ થી લીંબ અને બોરોલ બેઠક પર કમળ ખીલી ઉઠ્યું હતું બાયડ તાલુકા પંચાયત ૨૪ બેઠકોમાંથી બે બેઠકો પર ચૂંટણીના જંગ જામે તે પહેલા જ ભગવો લહેરાતા ભાજપ ગેલમાં આવી ગયું હતું બીજીબાજુ કોંગ્રેસને સાપ સૂંઘી ગયો હોય તેવી સ્થીતી જોવા મળી હતી ભાજપના બિનહરીફ થયેલા બંને ઉમેદવારો અને ટેકેદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો ચૂંટણી પહેલાં જ ભાજપે ખાતુ ખોલ્યુ છે. બિનહરીફ બેઠકોને લીધ સ્થાનીક સ્વરાજની ચૂંટણીમાં ભાજપ માટે સારા સંકેતો હોવોના ભાજપના નેતાઓ દાવો કરી રહ્યાં છે. અરવલ્લી જીલ્લા ભાજપ પ્રમુખ રાજેન્દ્ર પટેલ અને બાયડ સંગઠને ફુલહાર પહેરાવી બંને ઉમેદવારોને અભીનંદન



આપ્યા હતા સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ફોર્મ ભરાયા બાદ સોમવારે ફોર્મ ચકાસણી યોજાઈ હતી જેમાં બાયડ તાલુકાની લીંબ અને બેરોલ બેઠક પર કોંગ્રેસની ઘોર બેદરકારીના પગલે બંને બેઠક બિનહરીફ જાહેર થઇ હતી જેમાં જેમાં કોંગ્રેસે આપેલ મેન્ડેટમાં રાષ્ટ્રીય કોંગ્રેસ સમિતીની જગ્યાએ રાષ્ટ્રીય સમિતી અને અને ઉમેદવારની સહીમાં ભૂલ હોવાથી ફોર્મ ચકાસણીમાં બંને બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારના ફોર્મ રદ થતા ચૂંટણી પહેલા જ બે બેઠકો ગુમાવવાનો વારો આવ્યો હતો

બાયડ તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપના લીબ બેઠક પર મંજુલાબેન અદેસિંહ ચૌહાણ અને બોરોલ બેઠક પર અરવિંદસિંહ કેશાજી ઝાલા બિનહરીફ ચૂંટાઈ આવતા બંને ઉમેદવારો અને તેમના ટેકેદારોએ ચૂંટણી પહેલા જ વિજયોત્સવ મનાવ્યો હતો જીલ્લા સંગઠન અને તાલુકા સંગઠનમાં આનંદ છવાયો હતો

# રાજપીપળા ખાતે ભરૂચ સાંસદ મનસુખભાઈ વસાવાને ફોન પર ધમકી

રાજપીપળા, તા.૧૫

રાજપીપળા ખાતે ભરૂચ સાંસદ મનસુખભાઈ વસાવાનેફરી એક વાર ફોન પર ધમકી મળી છે. આ અંગે મનસુખભાઈ એ પોલીસમાં ફરિયાદ આપતાધમકી આપનાર શખ્સ વિરુદ્ધ ગુનો નોંધાયો છે

પ્રાપ્ત માહિતી અનૂસાર રાજપીપળા ખાતે રહેતા ભરૂચનાં સાંસદ મનસુખભાઈ વસાવા આદિવાસી છોકરીઓનો થતું ધમાંતરણ રોકવા માટે કાયદો બનાવવો જોઈએ.તેવું કથન સોશિયલ



મીડિયાના માધ્યમથી આપ્યું હોય,જેમાં ડિસેમ્બર ૨૦૨૦ના મહિના માં મો. નં. ૪૪૭૭૨૭૮૦૩૨ ઉપરથી ફોન કરનાર ઈસમ દ્વારા ગમેતેમ ગાળો બોલી ફરિવાર આદિવાસી છોકરીઓનું થતું

ધમાંતરણ રોકવા બાબત કાયદાની વાત કરશો,તો તમને જાનથી મારી નાખીશું, તેવી ધમકીઓ આપી ગુણો કરતાં રાજપીપળા પો. સ્ટે ના પીઆઈ આર. એ.જાદવ આ બાબતે ફરિયાદ નોંધાવી ધમકી આપનાર શખ્સ વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

રિપોર્ટ : જયોતિ જગતાપ, રાજપીપળા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

